श्री स्वामिनारायण

Rs. 5/-

August 2009







પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૨માં પ્રાગટ્યોત્સવ પ્રસંગે
આરતી ઉતારતા સ્કીમ કમિટી સભ્યશ્રીઓ અને કારભારીશ્રી




ધો.૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈચ્છામ
આપી સન્માન કરતા પૂ. લાલજી મહારાજશ્રી



પ્રાગટ્યોત્સવ પ્રસંગે
આશીર્વાદ આપતા
પૂ. લાલજી મહારાજશ્રી



પાર્ષદ નિલેશ ભગત (ગુરુ મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી)
સભાને સંબોધન કરતા.



સભામાં ઉપસ્થિત સત્સંગી બાળકો અને વડીલો.



ીનેમીન્સન મંદિરમાં શા. વિશ્વપ્રકાશદાસના માર્ગદર્શનથી સત્સંગની
ાવિપેઢી પોતાના પ્રાણપ્યારા પૂ.લાલજી મહારાજશ્રીના
ાગટ્યોત્સવની ઉજવણી કરી રહ્યાં છે.




પ.પૂ.મોટા મહારાજશ્રીને કોઠંબાના હરિભક્તો પ્રસાદીની
અલૌકિક વસ્તુઓ અર્પણ કરી રહ્યા છે.





વડનગર મંદિરમાં
શ્રી ઘનશ્યામમહારાજના
પાટોત્સવની આરતી ઉતારતા
પ.પૂ.મહારાજશ્રી
અને
વડનગર મંદિર સભામાં
આશીર્વાદ આપતા
પ.પૂ.મહારાજશ્રી તથા સભામાં
અમદાવાદ મંદિરના મહંત સ્વામી
અને



संस्थापक

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 3 અંક : 28 અગસ્ત-2009

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનો ૧૨ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો	૪
૪.	હનુમાનજીની નિષ્કામ ભક્તિ	૭
૫.	ગુરુ પૂર્ણિમાના પર્વ પ્રસંગે આશીર્વચન	૮
૬.	તારા ગામમાં મારું મંદિર બનાવજે - ભગવાન સ્વામિનારાયણ	૧૦
૭.	શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ	૧૧
૮.	શ્રાવણ માસમાં.....	૧૪
૯.	પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે આશીર્વચન	૧૫
૧૦.	સત્સંગ બાલ વાટિકા	૧૬
૧૧.	ભક્તિ સુધા	૧૮
૧૨.	પ્રશ્નપેટી	૨૨
૧૩.	સત્સંગ સમાચાર	૨૩

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ--૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

॥ અસ્મદીયમ ॥

विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि ।
एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ॥

શિક્ષાપત્રી-૭૬

અને અમારા સમગ્ર ભક્તોએ ચાતુર્માસમાં કોઈ વિશેષ નિયમ ધારવો અને એવી શક્તિ ન હોય તેમણે એક શ્રાવણ માસમાં પણ એવો નિયમ ધારવો.

ચાતુર્માસ એટલે સર્વાવતારી શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વિશેષ નિયમ ધારણ કરી એ પ્રભુને રાજી કરવાનો સમય અને એમાય શ્રાવણ માસ એટલે તો જાણે ભક્તિ, તપ, જ્ઞાન અને વૈરાગ્યનો સુવર્ણકાળ. જેમ ખેડૂત હોય તે સિઝનના મહિનાઓમાં ખેતી કરી અનાજ ઉગાડી, લણીને પોતાના કોઠાર ભરી લે કે જેથી પછી કદાચ પાક ઓછો થાય તેવા સમયે કામ આવે. જેમ પ્રાણીઓ પોતાના શરીરમાં જરૂર પ્રમાણે ચરબીનો સંગ્રહ કરી રાખે જેથી સંકટ સમયે તે જીવન જીવવા ઉપયોગી થઈ શકે. એજ રીતે આ ચાતુર્માસ અને એમાં પણ વિશેષે કરીને શ્રાવણ માસ એટલે ભક્તિનું ભાથું ભરી લેવાનો માસ. શ્રાવણ માસમાં વિશેષ ભક્તિ કરી આપણે સૌ આપણા જીવના શ્રેયનું ભાથું બાંધીએ તો જ આ માસ સાર્થક થયો ગણાય. સાથો સાથ આપણે સૌ એ પણ જાણી રાખીએ કે શ્રાવણ માસમાં જ ભક્તિ કરવી અને બાકી આખું વર્ષ સંસારના રાગ-સુખ ભોગવવા એવું નથી. આ માસ તો વિશેષ ભક્તિનો માસ છે. આખું વર્ષ આપણે સૌએ નિત્ય એ પ્રભુનું ભજન અને ભક્તિ તો કરવાના જ છે. પણ ચાતુર્માસમાં વિશેષ ભજન અને ભક્તિ કરી પ્રભુના ચોપડે આપણું વિશેષ જમા થાય તેવો પ્રયત્ન કરવાનો છે. આપણે સૌ એવો પ્રયત્ન કરીએ જ છીએ અને કરતા રહેવાનું છે. એમાં જ શ્રીહરિનો આપણા સૌ ઉપર રાજીપો છે.

આપ સૌ ભક્તોને કથાવાર્તાનું સુખ આપવા અત્રેથી સંતોના મંડળો દેશ ફરવા નીકળ્યા છે તો આપ સૌ સંતોને ખૂબ સેવજો તથા સમાગમ કરી પ્રભુની યથાર્થ ઓળખાણ કરી ઉપાસના, ધર્મ કે સમજણની કચાશ હોય તો ટાળજો એવી ખાસ ભલામણ છે.

આપ સૌ ભક્તોની ભક્તિ અને નરનારાયણદેવના ચરણમાં નિષ્ઠા વિશેષ ને વિશેષ વૃદ્ધિ પામે તેવી શુભકામનાઓ સહ જયશ્રી સ્વામિનારાયણ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઈ-૨૦૦૯)



૫. શ્રી સ્વામિનારાયણ મંદિર, જીવરાજપાર્ક સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૭. ગુરુ પૂર્ણિમા પ્રસંગે સંત-હરિભક્તો દ્વારા ગુરુ પૂજન

૧૭. પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૨ મો પ્રાગટ્યોત્સવ પોતાના સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદકોલોની બાપૂનગર મહાપૂજા પ્રસંગે પધરામણી, ત્યાંથી ઘોડાસર હરિભક્તને ત્યાં પધરામણી.

૨૦. પ.ભ. કમલેશભાઈ ધરમશીભાઈ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, મેમનગર.

૨૪. જુલાઈ થી ૩. સપ્ટેમ્બર યુરોપ-અમેરિકા ધર્મ પ્રવાસ લેસ્ટર (યુ.કે.) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ, અમેરિકામાં શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ, પારાયણ, ડિટ્રોઈટ શ્રી સ્વામિનારાયણ મંદિર ૫ મો પાટોત્સવ, કેનેડા ટોરન્ટો શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રથમ પાટોત્સવ અને ત્યાંથી ગેટવીક (યુ.કે.) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી. ૪. સપ્ટેમ્બર સ્વદેશ અમદાવાદ આગમન.

આપણા આગામી ઉત્સવો

ભાદરવા સુદ-૧૧ તા. ૩૧-૮-૨૦૦૯ સોમવાર જલઝીલણી એકાદશી અમદાવાદ, જેતલપુર, મૂળી, ભૂજ, વડતાલ, ગઢપુર આદિ મંદિરોમાં શ્રી ગણપતિજીનો વરઘોડો.

ધાર્મિક પરીક્ષા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા આગામી તા. ૨૦-૧૨-૨૦૦૯ ને રવિવારે જે તે કેન્દ્ર પરથી લેવાશે. કેન્દ્ર સંચાલકોએ પોત પોતાના બાળ કેન્દ્રોની નામાવલી અત્રે તા. ૩૦-૧૦-૦૯ સુધીમાં મોકલી આપવી.

બાળકેન્દ્ર શરૂ કરનારને ધાર્મિક પરીક્ષાનો એક સેટ ભેટ આપવામાં આવશે. - *સંચાલકશ્રી*



અમદાવાદ શ્રી નરનારાયણદેવની છત્રછાયામાં આપણા સૌના લાડીલા

ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનો ૧૨ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો

અહેવાલ પ્રેષક : શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી
(શ્રી સહજાનંદ ગુરુકુળ વડનગર)

અયોધ્યાવાસી આવિયા, હરિપ્રસાદનો પરિવાર,
સંબંધી શ્રી મહારાજના, સત્સંગનો શણગાર.

અષાઢ વદ-૧૦ (તા. ૧૭-૭-૦૯) નો મંગલમય પવિત્ર દિવસ એટલે આપણા સૌના લાડીલા પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનો ૧૨ મો પ્રાગટ્યોત્સવ. અમદાવાદ શ્રી નરનારાયણદેવના આંગણે સંતો-મહંતો અને તમામ દેશોદેશ-ગામો ગામ નગરો નગરથી પધારેલા હજારો હરિભક્તોની વહેલી સવારે ૭-૦૦ વાગે અકડેઠઠ ભીડ જામી છે. સૌની નજર મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરફ મંડાઈ છે, આ તરફ ભગવાન ભાસ્કર શ્રી નરનારાયણદેવના ચોકમાં સોનેરી કિરણોની ઝળહળતી જ્યોત પાથરી રહ્યા છે, શરણાઈના સૂર સાથે મંગલ વાજિંત્રોના ધ્વનિ વચ્ચે 'સ્વામિનારાયણ' ધૂનનો જયઘોષ થઈ રહ્યો છે. તે મંગલમય ઘડીએ આપણા સૌના હૃદય સમ્રાટ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ આપણા સૌના પ્રાણ પ્યારા ધર્મગુરુ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સાથે આપણા સૌના લાડીલા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ પ્રસન્ન વદને શ્રી નરનારાયણદેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષ સાથે આગમન કરી ચૂક્યા છે. તે સમયે મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર આગળ આપણા અમદાવાદ મંદિરના વિદ્વાન અને વ્યવહાર કુશળ મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી

હરિકૃષ્ણદાસજીએ હરખભેર પૂ. લાલજી મહારાજનું પુષ્પહારથી સ્વાગત કરી વધાવી લીધા ત્યારે જયઘોષના નાદ વડે વાતાવરણ અત્યંત પાવન બન્યું હતું. ત્યારબાદ પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરમાં પધારી શ્રી નરનારાયણાદિ દેવોની શણગાર આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી ભાવિક ભક્તજનોને દર્શનનો અનેરો લાભ આપ્યો હતો. ત્યારબાદ ત્રણેય વિભૂતિઓ રંગમહોલમાં બિરાજમાન શ્રી મોટા ઘનશ્યામ મહારાજના દર્શન કરી અદ્‌ભુત શણગારેલ વિશાળ સભા મંડપમાં પધાર્યા ત્યારે હજારો સંતો-હરિભક્તોએ પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂજ્ય મોટા મહારાજશ્રીને હૃદયની શુભેચ્છાઓ સાથે તેમજ તાળીઓના ગડગડાટ અને બુલંદ જયઘોષથી વધાવી ભાવવિભોર થઈ દર્શન કરી સભામાં સૌએ સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ સભાનો કાર્યક્રમ શરૂ થયો હતો. સભામાં સૌ પ્રથમ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું વિદ્વાન ભૂદેવો દ્વારા સ્વસ્તિવાચન કરી વેદોક્તવિધિ અનુસાર પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ પુષ્પહારથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૧૨ મા જન્મોત્સવ પ્રસંગે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ), સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર), સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી (ધોળકા), સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ), સ.ગુ. મહંત નાના પી.પી. સ્વામી (નારાયણઘાટ), સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા), સ.ગુ. મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી (મુળી), સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણવલ્લભદાસજી (સુરેન્દ્રનગર), સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર), સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા), સ.ગુ. શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી, સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, સ.ગુ. શા.સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારી) કોઠારી પાર્ષદ દિગંબર ભગત, સ.ગુ. સ્વામી ધર્મજીવનદાસજી, જે.કે. કોઠારી સ્વામી (અમદાવાદ), સ્વામી ભક્તિકિશોરદાસજી, સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા) સ.ગુ. મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી (મહેસાણા) તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી સત્સંગિભૂષણદાસજી (ગાંધીનગર) તથા હિંમતનગર, ઈડર, સાપાવાડા, ટોરડા, પ્રાંતિજ, પેથાપુર, ઉનાવા, સિધ્ધપુર મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી વિગેરે સંતો, મહંતો તેમજ સ્કીમ કમિટીના સભ્યશ્રી પ.ભ. રતિભાઈ પટેલ, પ.ભ. ડૉ. કે.કે. પટેલ, પ.ભ. જી.કે. પટેલ, પ.ભ. રમણભાઈ પટેલ, પ.ભ. દશરથભાઈ પટેલના સુપુત્ર શ્રી અમીત પટેલ, પ.ભ. કારભારીશ્રી મનીષભાઈ તથા પ.ભ. સંદિપભાઈ વોરા વિગેરે તેમજ અગ્રગણ્ય હરિભક્તોએ પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી પુષ્પહારથી સ્વાગત કરી આરતી ઉતારી શુભાશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ત્યારબાદ બાળ મંડળના નાના નાના બાળકો પટેલ કૃણાલ, મોદી હર્ષિલ, સોની જય, સોની બદ્રીશ, દર્શન, કોઠારી દર્શન, વિગેરે ભૂલકાઓએ પૂ. લાલજી મહારાજનું પુષ્પ ગુચ્છ વડે સ્વાગત કરી આરતી ઉતારી અલૌકિક લ્હાવો લીધો હતો. પ.પૂ. લાલજી મહારાજના ૧૨ મા જન્મોત્સવ પ્રસંગે નાના વિદ્યાર્થી સંતો શાસ્ત્રી અભયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) તથા શા. પુરુષોત્તમપ્રકાશદાસ (વાલીવાળા) તથા પાર્ષદ નિલેશ ભગત ગુરુ મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) વિગેરેએ પ.પૂ. લાલજી મહારાજને પોતાની વાણી દ્વારા હૃદયની ઉર્મિઓ ભાવનાઓ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ સત્સંગમાં નિયમિત આવતા બાળકો

બોપલનો હેપી તથા જીવરાજપાર્કના ઠક્કર વિશાલ તથા ઠક્કર ધ્રુવ વિગેરેએ પણ પોતાની ભાવભરી વાણી દ્વારા પૂ. લાલજી મહારાજને શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્યારબાદ "ધર્મકુળ વંદના" મહોત્સવમાં સ્વયં સેવક તરીકે ઉત્સવ દરમ્યાન અવિરત સેવા કરનાર તમામ સમિતિના સભ્યોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે આશીર્વાદ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરમાં અભ્યાસ કરતા તેજસ્વી સંત-વિદ્યાર્થીઓને પણ આશીર્વાદ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા, તેમજ આપણા સત્સંગી હરિભક્તોના તેજસ્વી તારલા એવા વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી ન.ના.દેવ બાળ સત્સંગ મંડળના બાળકોએ "કાવ્યગાન" કરી આપણા સૌના લાડીલા પૂ. લાલજી મહારાજને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે અસારવા ગુરુકુળના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે પોતાની અમૃતમય વાણીમાં જણાવતાં સંતો-હરિભક્તો પાસે પોતાના ૧૨ મા જન્મોત્સવ પ્રસંગે શુભાશીર્વાદની માગણી કરતા ભાવવિભોર હૃદયે આ સત્સંગ એજ અમારૂં કુટુંબ છે, અને શ્રી નરનારાયણદેવની છત્ર છાયામાં રહી સત્સંગ-સેવા-સ્મરણ કરવા અનુરોધ કરી સૌ સંતો-હરિભક્તોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ પ.પૂ.મોટા મહારાજશ્રીએ પણ લાલજી મહારાજનું આ ગાદી ઉપર સિલેકશન શ્રીજી મહારાજે કર્યું છે, તેમ કહી સૌ સંતો હરિભક્તોને કહ્યું કે, લાલજી મહારાજને તમારે જ જતન કરી સાચવવાના છે એમ કહી દરેક સંતો ભક્તોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન્ય સાથે સભાનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો. સમગ્ર સભાનું સંચાલન શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી (વડનગર) એ દિપાવ્યું હતું.

શ્રી નરનારાયણદેવ દેશના ૨૮ દેશોમાં નામ-ધર્માદા માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નિયુક્ત કરેલા સંતોની યાદી

(૧) બાલવા દેશ શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી ગુરુ સ્વામી નારાયણસેવાદાસજી (૨) પોર વાવોલ દેશમાં સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) (૩) સાદરા વાસણા દેશમાં સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) (૪) કણભા દેશમાં સ્વામી નિલકંઠદાસજી ગુરુ સ્વામી હરિકૃષ્ણદાસજી (૫) આંત્રોલી દેશમાં સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (૬) કપડવંજ દેશમાં શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ સ્વામી સૂર્યપ્રકાશદાસજી (૭) બાલાસિનોર દેશમાં શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ સ્વામી સૂર્યપ્રકાશદાસજી (૮) લુણાવાડા દેશમાં સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ સ્વામી નારાયણજીવનદાસજી (૯) અસલાલી દેશમાં સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી (૧૦) ભાત-કાશીન્દ્રા દેશમાં શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર મહંત) (૧૧) સાણંદ-ગોધાવી દેશમાં મુક્તરાજ સ્વામી ગુરુ સ્વામી હરિજીવનદાસજી (૧૨) નળકંઠા દેશમાં મુક્તરાજ સ્વામી ગુરુ સ્વામી હરિજીવનદાસજી (૧૩) ખાખરીયા દેશમાં શાસ્ત્રી સ્વામી સ્વયંપ્રકાશદાસજી (૧૪) વિરમગામ દેશમાં સ્વામી રઘુવીરચરણદાસજી ગુરુ સ્વામી કૃષ્ણજીવનદાસજી (૧૫) ટ્રેન્ટ સીતાપુર દેશમાં શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર મહંત) (૧૬) મારૂસણા દેશમાં સ્વામી રઘુવીરચરણદાસજી ગુરુ સ્વામી કૃષ્ણજીવનદાસજી (૧૭) કડી-રાજપુરદેશમાં શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી ગુરુ સ્વામી હરિજીવનદાસજી (૧૮) મહેસાણા -મોટપ દેશમાં મહંત સ્વામી ઉત્તમપ્રિયદાસજી (૧૯) ઉંઝા દેશમાં શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજીગુરુ સ્વામી હરિનારાયણદાસજી (૨૦) શિરોહી દેશમાં સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (૨૧) વિસનગર દેશમાં શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી ગુરુ સ્વામી હરિસેવાદાસજી (૨૨) પ્રાંતિજ દેશમાં સ્વામી વાસુદેવચરણદાસજી ગુરુ સ્વામી અખિલેશ્વરદાસજી (૨૩) સમૌ લાંઘણજ દેશમાં શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (૨૪) વડુ-ડાંગરવા દેશમાં શાસ્ત્રી સ્વામી છપૈયાપ્રસાદદાસજી ગુરુ સ્વામી શ્રીકૃષ્ણદાસજી (૨૫) વિહાર-ગેરિતા દેશમાં શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજી (૨૬) મોખાસણ દેશમાં શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજી (૨૭) ઘમાસણા દેશમાં શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી ગુરુ સ્વામી હરિસેવાદાસજી (૨૮) સંતરામપુર દેશમાં શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી ગુરુ સ્વામી હરિશ્ચંદ્રપ્રકાશદાસજી

હનુમાનજીની નિષ્કામ ભક્તિ

- નિલેશ ભગત ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત)

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે,

ज्ञानविज्ञानतृप्तात्मा कुटस्थः विजितेन्द्रियः ।
युक्तेति उच्चते योगी, समलोष्टारमकांचन ॥

અર્થ : જ્ઞાન અને વિજ્ઞાન વડે તૃપ્ત આત્મા વાળો વિકારરહિત, જિતેન્દ્રિય અને માટીનું ઢેફું પત્થર તથા સોનાને સમાન ગણતો યોગી "યુક્તયોગ સિદ્ધ" કહેવાય છે. જે માનવ જિતેન્દ્રિય છે. માટીનું ઢેફું, પથ્થર કે સોનામાં સમાન રીતે વ્યવહાર કરે છે. તેવો નિષ્કામ યોગી યુક્તાત્મા બની શકે છે. અને તે જ નિષ્કામ ભક્ત શ્રેષ્ઠ છે.

સકામ ભક્તિ તો સામાન્ય કક્ષાની ભક્તિ છે. જ્યારે નિષ્કામ ભક્તિ તો શ્રેષ્ઠ છે. નિષ્કામ ભાવે કરેલી પ્રાર્થના તે જ સાચી આરાધના છે. સાચો ભક્ત ભૌતિક પદાર્થોની કે સાંસારિક સુખની અપેક્ષા રાખતો જ નથી. તે તો ભક્તિમાં તલ્લીન બનીને જીવનને ધન્ય બનાવી દે છે.

ગોપીઓ નિષ્કામ ભાવે જ પ્રભુની ભક્તિ કરતી હતી. તેનો કોઈ સ્વાર્થ ન હતો તે તો પ્રભુના દિવ્ય પ્રેમાનંદમાં મસ્ત બની અલૌકિક સુખ પ્રાપ્ત કરતી.



નરસિંહ મહેતાના પત્ની અવસાન પામ્યા. એકનો એક પુત્ર મૃત્યુને શરણે થયો. વ્હાલી દીકરી પણ પ્રભુના ધામમાં ગઈ. છતાં પણ દુઃખ, શોક ન થયો છતાં તેમણે મસ્તીથી ગાયું કે

"ભલુ થયું ભાંગી જંજાળ,
સુખે ભજીશું શ્રી ગોપાળ"

રામાયણમાં જુઓ તો શ્રી હનુમાનજીની નિષ્કામ પણાની ભક્તિ. જ્યારે રામ ભગવાન રાવણનો વધ કરી સીતાજીને લઈ અયોધ્યામાં આવે છે અને રામનો રાજ્યાભિષેક થયા બાદ ભગવાન શ્રીરામને વિચાર આવ્યો કે આ વાનર સેના એ મને ખૂબજ મદદ કરી છે. તો તેમની સેવાને મારે બિરદાવવી જોઈએ. એક પછી એક વાનર આવ્યા છેલ્લે હનુમાનજીનો વારો આવ્યો એટલે ભગવાન વિચારમાં પડી ગયા કે એમની સેવાને બિરદાવતા શું આપું ? કોઈ રસ્તો ન સૂજતા આ કેસ સીતાજીને સોંપવામાં આવ્યો. કહેવાય છે કે અવધની ગાદી ઉપર જ્યારે રાજ્યાભિષેક થાય ત્યારે રાજમાતા ફક્ત એક દિવસ માટે એક અમૂલ્ય સ્ફટિક મણીનો હાર પહેરતા. સીતામાતાએ આ હાર અમૂલ્ય સમજી હનુમાનજીની અજોડ સેવાને બિરદાવતા તેમને આપ્યો. હનુમાનજી એ હાર લઈ પોતાના સ્થાને બેઠા-બેઠા સ્ફટિક મણીને મોઢા વડે તોડવા લાગ્યા. આ જોઈ જાંબુવન વગેરે હસતા-હસતા કહે છે કે, આ અમૂલ્ય માળાને કેમ તોડો છો ? ત્યારે હનુમાનજી કહે છે કે

"જેમાં મારો રામ નથી
તેનું મારે કામ નહી."

તો પછી આ શરીરમાં ક્યાં રામ છે ? તો કેમ રાખ્યુ છે. અને એજ સમયે હનુમાનજીએ


"રામ લખન સતી મન બસીયા"

છાતી ચીરીને રામ, લક્ષ્મણ સહિત સીતાજીના દર્શન કરાવે છે. સારીએ સભા આ જોઈને સ્તબ્ધ થઈ ગઈ અને હનુમાનજીની પ્રશંસા કરવા લાગ્યા.

ધન્ય છે હનુમાનજીની નિષ્કામપણાની સેવાને ! તો આપણે નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના કરીએ કે આપણને પણ હનુમાનજી જેવા નિષ્કામ બનાવે.


ગુરુ પૂર્ણિમાના પર્વ પ્રસંગે આશીર્વચન

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



પ.પૂ. મોટા મહારાજશ્રી : આદર્શ ગુરુનો દાખલો આપવો હોય તો અમારી દ્રષ્ટિએ આપણા સંપ્રદાયમાં રામાનંદ સ્વામી આદર્શ ગુરુ છે. તેમણે ક્યારેય શિષ્યોને પોતાની ઓળખાણ કરાવી નથી. હંમેશ માટે ભગવાનની ઓળખાણ કરાવી છે. શ્રીહરિનો પોતાને મેળાપ નહોતો થયો ત્યારે પણ તેઓ કહેતા કે, મેં તો રૂની એક પુણી કાંતી છે. પરંતુ મણ મણ પુણી કાંતનારા તો હવે આવશે. બીજા શબ્દોમાં ઘણીવાર એવું કહેતા કે, હું તો ડુગડુગી વગાડનારો છું. પરંતુ ખેલ ભજવનારા તો હવે આવશે. મહારાજ સત્સંગમાં આવ્યા ત્યાર પછી પણ કાલવાણી વગેરે સ્થળે રામાનંદ સ્વામીએ શ્રીજી મહારાજનું જ પ્રધાનપણું રાખ્યું છે. હવે આદર્શ શિષ્યની વાત કરીએ તો અમારી દ્રષ્ટિએ શ્રી નીલકંઠવર્ણી શ્રેષ્ઠ શિષ્ય છે. જ્યાં સુધી ગાદી પર નહોતા બેઠા ત્યાં સુધી મુક્તાનંદ સ્વામી સાથે રહીને શિષ્યભાવે સેવા પણ એવી કરી છે અને રામાનંદ સ્વામીએ જ્યારે ગાદી પર બેસવાની આજ્ઞા કરી ત્યારે ગાદીની કોઈ સ્પૃહા વિના ગુરુની આજ્ઞા પાળવા માટે ગાદીએ બેઠા હતા. આ પદ મેળવવું તો કદાચ અઘરું હશે, એક નવીનભાઈ કરીને હરિભક્ત હતા તે કહેતા કે ધર્મવંશી આચાર્યશ્રીએ સોપારી પર માથું ટેકવીને ૧૦૦ વર્ષ તપ કર્યું હશે ત્યારે આ પદ મળ્યું હશે. એટલે એ પદ નિયુક્તિ તો શ્રીજી મહારાજ કરે છે. પરંતુ તે પદ નિભાવવું એ મેળવવા કરતા પણ વધુ કઠિન કામ છે. અમને તો પાંત્રીસ પાંત્રીસ વર્ષનો અનુભવ છે. એક ચિંતકે લખેલુ કે, પરોક્ષમાં ત્યાગીના ધર્મ કરતા પણ સ્વામિનારાયણ સંપ્રદાયના ગૃહસ્થ આચાર્યશ્રીના ધર્મ વધારે કઠણ છે. આ વાક્ય એક હકીકતરૂપ છે. અમારે બેવડી જવાબદારી હોય છે. ગૃહસ્થ જીવનમાં રહીને આચાર્યના ધર્મો નિભાવવાના કોઈ વૃદ્ધ વિદ્વાન સંતો કે એકાંતિક સ્થિતિને પામેલા કે સમાધિનિષ્ટ ભક્તો જ્યારે આવીને અમને પગે લાગે ત્યારે અમારે પણ આ પદનું એક ઉચ્ચ કક્ષાનું સ્ટાન્ડર્ડ સતત જાળવવું પડતું હોય છે. આપણો સંપ્રદાય અન્યોન્ય ખૂબ મહિમાનો સંપ્રદાય છે. એ મહિમા સમજીને જ આજે આટલી મોટી સંખ્યામાં અમારા પ્રત્યે આપની ભાવનાને વ્યક્ત કરવા આપ સર્વે અહીં આવ્યા છો જે ખૂબ ધન્યવાદને પાત્ર છો. સંપ્રદાયમાં સંપ, શાંતિ, સમૃદ્ધિ અને પ્રેમ તથા પ્રગતિ કાયમ જળવાય રહે એવી આજના દિવસે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી વિરમું છું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી : આમ તો પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વચનમાં અમારા આશીર્વચન, આપણા સૌની વાત આવી જાય છે. તેઓ જે કહેતા હોય છે તે જ અમારું કહેવાનું હોય છે. તેમ છતાં સર્વેનો આગ્રહ છે તો બોલું છું. હું ઘણીવાર કહુ છું કે, ભગવાન આપણી મુડી છે. ભગવાન આપણી સંપત્તિ છે. પૈસા કે પદ ટેમ્પરરી હોય છે અને ભગવાન ઓળખવા માટે એ માયિક વસ્તુ કામમાં પણ આવતી નથી. રાત્રીએ અંધકાર હોય અને તે અંધકારને હટાવવા માટે કોઈ બળવાળી વ્યક્તિ અંધારામાં તલવાર કે લાકડી લઈને વીંઝવા માંડે તો તેથી કંઈ અંધારુ દૂર થતું નથી. ઉલ્ટુ અંધકાર એમ કહેશે કે તું આવી રીતે આખી રાત મહેનત કરીશ, તો પણ હું કંઈ જવાનું નામ લઉ તેમ નથી. તે અંધકારને દૂર કરવો હોય તો એક દીવો પેટાવીને અંધકારમાં મુકી દઈએ તો તેટલામાંથી અંધકાર આપોઆપ દૂર થઈ જાય છે. તેવી રીતે આપણા હૃદયમાં પણ જો ભગવાનનો વાસ થાય, આપણો સંબંધ ભગવાન સાથે દ્રઢ બને તો અજ્ઞાનરૂપી અંધારુ આપોઆપ દૂર થઈ જાય છે.વચનામૃતમાં મહારાજે ભગવાનને રાજી કરવા માટેનું શ્રેષ્ઠ સાધન કયું તેવો પ્રશ્ન કરીને પછી તેનો ઉત્તર પણ પોતે જ કહ્યો છે કે ભગવાનનો દ્રઢ આશરો તે જ સર્વે સાધનથી મોટું સાધન છે. કારણ કે ભગવાનનો આશરો, ભગવાનનો નિશ્ચય જો દ્રઢ હશે તો દુઃખ અને વિપત્તિમાત્ર આપોઆપ ચાલ્યું જશે. માણસનું મન બહું ચંચળ હોય છે. આપણને આવા ભગવાન આવા સંતો તથા સત્સંગ સહેજે મળ્યું છે. તેથી તેનો મહિમા જણાતો નથી અને મન એક જગ્યાએ સ્થિર થઈ શકતું નથી. દરેકનું મન થોડીવાર અહીં રહીને પાછો વિચાર કરે, ત્યાં બહું સારું હશે ? લાવને ત્યાં પણ જઈ આવું. હકીકતમાં અહીં પડ્યા રહેવામાં જ લાભ છે. મઝા છે. આનાથી વધારે સારું ક્યાંય નથી. જગતમાં માણસ પાટલી ફેરવ્યા કરે તો તો તેની બન્ને પૈકી કોઈપણ પક્ષમાં કિંમત રહેતી નથી. એક પક્ષમાં રહીને લાંબો સમય રહીને કામ કરે તો ક્યારેક મિનિસ્ટર બનવાનો ચાન્સ રહે. આ તો બહારની જગતની વાત થઈ. આપણને તો મહારાજે અહીં બધુ જ આપ્યું છે. મિનિસ્ટરના મિનિસ્ટર અને તેના પણ મિનિસ્ટર અને તેનાય મિનિસ્ટર ! એનાથી આગળ બીજા કોઈ મિનિસ્ટર નથી એવા ભગવાન આપણને મળ્યા છે. પછી બીજે શા માટે ભટકવું જોઈએ ?



અમારી, સંતોની અને તમારી હરિભક્તોની દરેકની એકજ ફરજ છે કે આપણને મળ્યા એવા જે આ સ્વામિનારાયણ ભગવાન, નરનારાયણદેવ, તેની બીજા જનોને પણ ઓળખાણ કરાવીએ. કારણ કે આપણે એક કુટુંબ છીએ. કુટુંબના દરેક સભ્યની એ ફરજ બનતી હોય છે. આપ સર્વેને મહારાજ એવું બળ આપે, દરેકનો નિશ્ચય, આશરો દ્રઢ રહે તેવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

તારા ગામમાં મારું મંદિર બનાવજે - ભગવાન સ્વામિનારાયણ

- અશ્વિન મોહનલાલ કાછીયા, ચિમનલાલ પી. પટેલ (ભાત)

શ્રી નરનારાયણદેવના તાબાના કોઠંબા ગામે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સત્સંગ સભાઓનું આયોજન આજુબાજુના ગામોમાં કરે છે. એકવાર કોઠંબાની બાજુમાં "મેરાની મુવાડી" નામે ઠાકોરની (પગી) વસ્તી ધરાવતું ગામ છે. પગી પરિવારનો એક છોકરો કોઠંબામાં સત્સંગીની દુકાને નોકરી કરતો હોવાના નાતે સંબંધ થવાનું નિમિત્ત થયું. એ ગામમાં બિજલ બાબુભાઈ પગી નામે ઠાકોરનો ૧૮ વર્ષનો છોકરો રહે છે. જે કોઈ પૂર્વનો ભક્ત એકાંતિક આત્મા છે. પગીના દેહમાં હોવા છતાં વર્તમાન નિયમ બ્રાહ્મણ કરતાંય ઉચા પાળે છે. તે બિજલ એકવાર સાયકલ લઈને પોતાને ગામ આવી રહ્યો હતો. ત્યાં અચાનક સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવ્ય રૂપે તે ભક્તની સાઈકલ પાછળ બેસી ગયા. બિજલને થયું કોઈ મારી સાઈકલ પર બેઠું છે. વજન લાગવાથી પાછળ જોયા વગર પૂછ્યું. તમે કોણ છો ? તો મધુરે સ્વરે શ્રીહરિ કહે હું સ્વામિનારાયણ છું. અને આજે રાત્રે પોણાબાર વાગે તારા ઘેર આવીશ. એટલું કહીને અદૃશ્ય થયા.

રાત્રીના પોણાબાર વાગે નાહી ધોઈ પવિત્ર થઈને હાથમાં માળા લઈને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતાં બરાબર પોણાબાર વાગે શ્રીહરિએ પ્રકાશના પૂંજમાં દર્શન આપ્યાં અને કહ્યું કે અગીયાર નિયમો અને પાંચ વર્તમાન પાળજે. અને તારા ગામમાં મારુ મંદિર બનાવજે. આટલું કહીને શ્રીહરિ અદૃશ્ય થયા. બિજલે પરિવારમાં વાત કરી. તો પરિવારજનોએ કુળ પરંપરાના રિવાજ મુજબ ભૂવાને બોલાવી માતાજી પાસે લઈ જવા પ્રયાસ કર્યો. છોકરાએ સ્પષ્ટ ના પાડી કે હું ક્યાંય આવીશ નહિ. અને મારા ઘરમાં ભૂવા ડાકલાં જોઈએ નહિ. ઘરના માણસોએ આ વાતને ગાંડપણમાં ખપાવતાં બિજલે શ્રીહરિને પ્રાર્થના કરી કે મારા પરિવારને દર્શન આપો તો જ મને મંદિર કરવાનું અને સત્સંગ કરવાનું સુખ આવશે. બીજા દિવસે શ્રીજી મહારાજે રાત્રે ૧૧-૪૫ કલાકે દર્શન આપી તમારા ગામમાં મંદિર બનાવજો એવી આજ્ઞા કરી. કંકુના પગલાં થયા. પરિવારજનોને દર્શન ન થયાં પણ શ્રીહરિની વાણીનું શ્રવણ થયું. બસ પછી તો બધાજ સત્સંગના રંગે રંગાયા.

પછી તો મેરાની મુવાડીના આગેવાનો કોઠંબા આવ્યા. તેઓ સાથે મળીને જેતલપુર મંદિરે પી.પી. સ્વામીને વાત કરી. પી.પી. સ્વામીએ મેરાની મુવાડીમાં સત્સંગ સભાનું આયોજન કર્યું. આખું ગામ કથા વાર્તા શ્રવણ કરવા આવ્યું. આખા ગામના હરિભક્તોએ સત્સંગના નિયમો પાળવાની પ્રતિજ્ઞા લીધી. શ્રીહરિના વચનને સત્ય કરવા જલ્દી મંદિર નિર્માણ થાય તેનું આયોજન કરવામાં આવ્યું. પ.ભ. બિજલ પોતાનું રહેવાનું ઘર મંદિર બનાવવા આપવા તત્પર થયો. પૂ. સ્વામીના માર્ગદર્શન મુજબ બિજલના ઘરની બાજુમાં રહેલ પ્લોટને શ્રી નરનારાયણદેવના નામનો લેખ કરાવી અને તેમાં મંદિર બનાવવાનો પ્રારંભ થયો.

ગામના ભક્તોની આર્થિક સ્થિતિ સામાન્ય હોવાથી કોઠંબાના હરિભક્તો અને પી.પી. સ્વામીના હેતવાળા હરિભક્તો પાસેથી દાન ઉઘરાવીને એકાદ વર્ષના સમયગાળામાં નવ્ય ભવ્ય હરિ મંદિરનું બાંધકામ કરવામાં આવ્યું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મંદિરના કોઠારી ગોવિંદભાઈ કાછીયા અને સમસ્ત હરિભક્તોએ તન, મન ધનથી સેવા કરી. અમદાવાદના પ.ભ. મણીભાઈ છગનભાઈ પટેલ તરફથી મોટી સેવા મળી.


નવ નિર્મિત ભવ્ય મંદિરમાં ૬, ૭, ૮ મેં ૨૦૦૯ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. તા. ૭-૫-૦૯ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા અને તા. ૮-૫-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત ઠાકોરની પરંપરાગતથી કરવામાં આવ્યું અને સવારે ૯-૦૦ વાગે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી. ઠાકોર પરિવારનો સત્સંગ જોઈને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન થયા. આશરે ૧૦૦ જેટલા હરિભક્તોએ કંઠી બંધાવી.

શ્રીહરિના સંકલ્પથી ઠાકોરની વસ્તીની વચમાં થયેલ મંદિરના દર્શન કરવા આજુબાજુના તેમજ અમદાવાદ મુંબઈ જેવા શહેરોમાંથી હરિભક્તો દર્શન કરવા આવે છે અને પ.ભ. બિજલ પાસેથી ચમત્કારના પ્રસંગને સાંભળીને સર્વોપરિ શ્રીહરિનો પાકો નિશ્ચય થઈ જાય તેવું દ્રઢ મનોબળ મળે છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

- તુષાર દવે





જય શ્રી સ્વામિનારાયણ - વિશ્વનાં તમામ દેશોમાં હિન્દુસ્તાન એક એવો અપ્રતિમ અને વિશિષ્ટ દેશ છે જ્યાં કાળક્રમે યુગે-યુગે અનેક અવતારો થઈ ગયાં.

પણ ભારતની ભૂમિની પવિત્રતાની, બડભાગીપણાંની ચરમસીમા તો જુઓ, સર્વ અવતારનાં અવતારી, પરમશક્તિશાળી, ભગવાન શ્રી સ્વામિનારાયણે સાધુજનો, ધર્મિષ્ટોનાં આર્તનાદને સાંભળી કરુણા કરી સદેહે પૃથ્વી પર અવતરણ કર્યું.

ગામ છપૈયાપુરને વિશે બાળલીલાઓ કરી અને નીલકંઠવર્ણી રૂપે વનવિચરણ અને આખ્ખા ભરતખંડનું વિચરણ કર્યું.

રામાનંદ સ્વામીનો મેળાપ થયો. ધર્મધૂરા સંભાળવી અને પોતાનું પ્રગટ બ્રહ્મસ્વરૂપ ઐશ્વર્યયુક્ત દર્શાવવું તે પણ તે પ્રગટ બ્રહ્મની લીલાનો એકમાત્ર ભાગજ હતો.

આપણને સૌને અને સમગ્ર વિશ્વના જીવમાત્રને વિશે ઉપકાર અને કરૂણા કરી "શ્રી સ્વામિનારાયણ" ધર્મ સ્થાપ્યો.

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહેલું કે "હિન્દુસ્તાનમાં ઘણાં ધર્મો છે, પણ સ્વામિનારાયણ ધર્મ પ્રશંસનીય, શુધ્ધ અને આકર્ષક છે. મને આ ધર્મ વિશે ઘણું માન છે.

ભારતનાં માજી ગૃહ પ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાએ કહ્યું હતું કે, "ભગવાન સ્વામિનારાયણે આપેલો અહિંસાનો સિધ્ધાંત જગતનાં સર્વ અહિંસના સિધ્ધાંતોમાં મને શ્રેષ્ઠ લાગ્યો છે. તેમના એ અસાધારણ સિધ્ધાંતે મારા પર એટલો પ્રભાવ પાથર્યો છે કે મારી જાતનું તેમાં રૂપાંતર થઈ ગયું છે."

માણસ જ્યારે માણસને સહન નથી કરી શકતો ત્યાં ધર્માચરણની વાતજ ક્યાં રહી?

પરંતુ, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાએ કરીને પણ આપણામાં સાચાં ધર્મ પ્રત્યેની આસ્થા, સદ્‌ભાવ, શુધ્ધ વ્યવહારપણું હજી ટક્યાં છે.

પણ ક્યાં સુધી ? - કળિયુગનો નિષેધાત્મક પ્રભાવ પછીની પેઢીઓ પર પડ્યો તો ?

આપણે એ જાણી લેવું અત્યંત આવશ્યક છે કે વિશ્વનાં સર્વોપરી, સાચ્ચા ધર્મને પોતાનામાં અને આવનારી પેઢીઓમાં ઉજાગર-જીવંત રાખવાં જ રહ્યાં નહીંતર શું થશે તે કલ્પનાતીત છે.

તો શું કરીએ જેથી કરીને - આપણાં જનમ-મરણનાં આ ફેરામાંથી મુક્તિ મળે અને આપણને પણ શ્રીહરિની કૃપાએ અક્ષરધામનો આશ્રય મળે.

દીવા જેવી વાત - શ્રી હરિએ ઉપદેશેલ એકેએક શબ્દને અક્ષરશઃ અનુસરીએ.

પરંતુ - આપણો ધર્મ એ રીતે જુદો પડે છે કે શ્રીહરિના જે સત્યસંકલ્પો હતાં તે હજી વિદ્યમાન છે.

તે હતાં- સત શાસ્ત્રોની રચનાં, મંદિરોનું નિર્માણ અને

આચાર્ય પરંપરા.


માણસનું મન કેટલું વિચારી શકે ? પરંતુ જે નજરે દેખાય - હાજરાહજૂર હોય તેમાં શંકાને કોઈ સ્થાન ન હોય.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વંશજો જે આપણને આચાર્યપદે પ્રાપ્ય થયાં તે એકેએક જીવ માટે નસીબની વાત છે.

મોટા મહારાજશ્રીએ અનુભવ્યું કે જો સત્સંગી સમાજને નવપલ્લવિત રાખવો હશે - તેમને હળાહળ કળિયુગમાં પણ પ્રભુની નજીક રાખવો હશે તો ઉપાય છે - ભગવાન શ્રી હરિનો નિત્ય અનુભવ.

આમ તો આંખ બંધ કરવાની વાર હોય છે ને એ પરમકૃપાળુ હાજરા હજૂર છે.

પરંતુ આપણે પામર જીવ, એ દિવ્ય સ્થિતિને ક્યાં પહોંચેલા હોઈએ છીએ.



અને એટલે જ ભગવાન શ્રી હરિની જેમ પોતાના હોદ્દા, પદ, પ્રતિષ્ઠાને ત્યાગી-માત્ર સત્સંગીના પરોપકાર માટે મોટા મહારાજશ્રીએ એક અદ્‌ભુત મ્યુઝિયમનો સંકલ્પ કર્યો.

જ્યાં શ્રીહરિની ઉપયોગમાં લીધેલ પ્રસાદીની અલભ્ય વસ્તુઓનો સંગ્રહ હોય.

ભગવાન શ્રી સ્વામિનારાયણના વંશ એ એમનાં અંશ છે અને મોટા મહારાજશ્રીનો સંકલ્પ એ શ્રીહરિનો સંકલ્પ છે. સંકલ્પની અંદર છે જીવમાત્રને મોક્ષદ્વાર બતાવવાનો એક અનોખો માર્ગ.

ભગવાનની એ અલૌકિક, ચમત્કારીક વસ્તુઓનું આ ચર્મચક્ષુથી દર્શન થાય - પરિણામે જીવમાત્રમાં પ્રભુ પ્રત્યેનો પ્રમે વધે અને એ પ્રેમજ તેને અક્ષરધામના અધિપતિનાં ચરણોમાં મૂકી દેનારો છે.

આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે મોટા મહારાજશ્રીના સંકલ્પબળને ખૂબ સમર્થન આપ્યું છે આપણાં વર્તમાન આચાર્ય મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

અમદાવાદનાં નારણપુરામાં ટર્ફ શાળાની સમીપેજ આ ભવ્યાતિભવ્ય મ્યુઝિયમનું નિર્માણકાર્ય ધમધોકાર આગળ વધી રહ્યું છે.

પરંતુ આ કાર્ય ખરેખર ભગીરથ અને ખૂબ જહેમત માંગી લે તેવું છે.

મ્યુઝિયમની કુલ જમીન વિસ્તાર ૩૧૦૦૦ વાર જેટલી છે. જેમાં ૩૦,૦૦૦ સ્કે.ફૂટ મુખ્ય મ્યુઝિયમ તથા ૩૫૦૦૦ સ્કે.ફૂટ ગેસ્ટ હાઉસ તથા એડ.ઓફિસનું કન્સ્ટ્રક્શન થશે.

આમ પોણા બે લાખ સ્કે.ફૂટનું બાંધકામ તૈયાર થનાર છે.

અત્યારે તેની કુલ કિંમત ૩૦ કરોડ રૂપિયા છે.

અત્રે જુદા જુદા ૮ બ્લોક તૈયાર થનાર છે.

૫ નંબરનો બ્લોક મ્યુઝિયમનો બનાવનાર છે.

અત્રે એક ઓડિટોરિયમ પણ બનનાર છે.

જ્યાં ભગવાનની પ્રસાદીની વસ્તુઓ તથા મહિમાની ફિલ્મ વગેરે બતાવાશે.

છેલ્લા બ્લોકમાં પ્રસાદીની વસ્તુઓની પ્રતિકૃતિઓ હશે. જ્યાંથી સંપ્રદાયના પુસ્તકો તથા અન્ય વસ્તુઓનું વિતરણ પણ કરાશે.

ભગવાન તથા તેમનાં વંશજો દ્વારા જે સંકલ્પ કરવામાં આવે તે જેવો-તેવો થોડો હોય ?

જેમાં ભગવાનની ખુદની ઈચ્છા-આજ્ઞા ભળે અને મોટા મહારાજશ્રીની વિચક્ષણ કાર્યદક્ષતા તથા માર્ગદર્શન ભળે તે 'મ્યુઝિયમ' ન ભૂતો ન ભવિષ્યતિ જ બનશે તે નિર્વિવાદ છે.

કન્સ્ટ્રક્શનની દૃષ્ટિએ જોઈએ તો તે વિશ્વકક્ષાનું ઉચ્ચ ધારાધોરણ ધરાવનાર થવાનું છે.

દરેક બ્લોક એરકન્ડીશન્ડ, દરેક બ્લોકની દિવાલો ડબલ વોલ ઈન્સ્યુલેટેડ બનનાર છે.

તેનો સ્લેબ પણ ઈન્સ્યુલેટેડ હોલો બ્લોક સ્લેબ છે.

મીનીમમ બારીઓ અને જે છે તે પણ ડબલ ગ્લેઝ્ડ ઈન્સ્યુલેટેડ બારીઓ છે.

તમામ કન્સ્ટ્રક્શન અમદાવાદનાં ટેમ્પરેચરને ધ્યાનમાં લઈને કરાઈ રહ્યું છે.

તમામ ડીસ્પ્લે તથા પ્રદર્શનને સરળતાથી સમજી શકાય તે માટે અદ્યતન ટેકનોલોજી, સાઉન્ડ સીસ્ટમ, એનીમેશન, વિન્ડો સ્ક્રીન સીસ્ટમ દાખલ કરાનાર છે.

અત્રે એક સ્પેશીયલ વોર્ડ તૈયાર કરવામાં આવનાર છે. જે પ્રીઝર્વેશન સીસ્ટમનો વોર્ડ છે.

ભગવાનની ઉપયોગમાં લીધેલ ચમત્કારીક, અપ્રતિમ પ્રસાદીની ચીજવસ્તુઓને કાયમ માટે એવીને એવી સાચવવા માટે પ્રીઝર્વેશન કરવામાં આવશે તથા એક લેબોરેટરી પણ અત્રે હશે.

અત્રે મોટા મહારાજશ્રી પોતાના આરામ તથા તબિયતને વિસરી વધુમાં વધુ સમય વિતાવે છે અને ખૂબજ ઝીણવટથી તમામ બાબતોને ચકાસણીની એરણે ચડાવીનેજ આગળ ધપાવે છે.

આટલી બધી જહેમત તથા શ્રમ માત્ર જીવમાત્રના કલ્યાણ કાજે જ છે.

દરેક સમાજ, સંપ્રદાયને એક ધરોહર, પરંપરા હોય છે.

સર્વાવતારી શ્રીહરિની ઉપયોગમાં લેધીલી પ્રસાદીની તમામ વસ્તુઓ ન સચવાય તો કદાય તે નામશેષ થઈ જાય અને આવનારી પેઢીઓ તથા આપણે સૌ એ અલભ્ય લાભથી વંચિત રહી જઈએ.

પ્રભુતો કરૂણાના સાગર છે.

રામાનંદ સ્વામીની અંતિમ ઘડીએ સહજાનંદ સ્વામીને આગ્રહ કરાતાં તેઓએ બે વરદાન માંગ્યા (૧) તમારા ભક્તનું વીંછીનું દુઃખ મને ભલે રુંવાડે-રુંવાડે કોટી ગણું થાઓ, પણ તે ભક્તને ન થાઓ. અને (૨) તમારા ભક્તનાં નસીબમાં રામપાત્ર (ભીખ માંગવાનું) આવવાનું હોય તો તે મને આવો, પણ તે ભક્ત અન્ન વસ્ત્રે સુખી રહો.

આજ દિન સુધી ભગવાનના કોઈ અવતારે પણ ભક્તોનાં દુઃખને પ્રારબ્ધ પોતે ભોગવી લેશે તેવું વચન કહ્યું નથી.

આવા કરૂણાનાં સાગર પ્રગટ પ્રભુનાં સંકલ્પ અંગે કંઈપણ કહેવા-કરવા આપણું શું ગજુ ?

પરંતુ, આપણે આપણી ધરોહર સમાન પ્રસાદીની વસ્તુઓ સાચવીશું નહીં તો આપણી આવનારી પેઢીઓ ધર્મથી વિમુખ થતી જશે - ભૌતિક પ્રલોભનો તેમને પોતાની નાગચૂડમાંથી છૂટવા નહીં દે - જો આવું આપણી સજાગતામાં થયું તો આપણાં સૌનું જીવન નિરર્થક છે.

મોટા મહારાજશ્રી તથા વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીનો સંકલ્પ તથા અથાગ પરિશ્રમ જોયા પછી શું વિચારવાનું રહે ? - તેમનાં આપણાં પરનાં વિશ્વાસનું શું ?

આપણે તો પામર જીવ છીએ - કરતો - કરાવતો એ શ્રીહરિ છે.

પરંતુ આપણા થકી એ આપણને જ મદદ કરવા, મોક્ષનો માર્ગ મોકળો કરવા આ અણમૂલો અવસર લઈને આવ્યો છે.

જરૂર છે આપણે એ વિચારવાની કે આપણે શું કરવું ?

આ તકનો પૂરોપૂરો લાભ લઈ થાય તેટલી તન-મન-ધનથી સેવા કરીએ.

કેમ ? તો પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીહરિની કૃપાને પાત્ર બનાય - તેમનાં રાજીપાથી તો ભલભલા પાપિયા આ ભવસાગર પાર તરી જાય છે.

આપણે સાચાં સત્સંગી છીએ અને રહીએ.

જો ભગવાન દેહ સ્વરૂપે હજી આ ધરતી પર તેમનાં અંશરૂપે વિદ્યમાન હોય ને તેમનો સંકલ્પ થાય તે તેથી મોટી સોનેરી તક કઈ હોઈ શકે?

આવો આપણાં સૌનાં આ મ્યુઝિયમ નિર્માણનાં અનુપમ યજ્ઞકાર્યમાં આપણી યતકિંચિત ફાળો આપી તેને એવું બનાવીએ કે સમગ્ર વિશ્વમાં તેને એક ઉદાહરણરૂપ સાબિત થાય

Come, Let's get united,
do get united with our Shri Hari

સીમેઈલ અંકના સભ્યોને સૂચન

'આપણા શ્રી સ્વામિનારાયણ માસિક'ના વિદેશના થોડાક હરિભક્તોનું 'સીમેઈલ' લવાજમ ભરેલું હોવાથી તેમના અંક સીમેઈલથી પોસ્ટ થતા હતા. પરંતુ પોસ્ટ ખાતાએ 'સીમેઈલ' સર્વિસ હવેથી બંધ કરેલ છે. જેથી સીમેઈલથી અંક મંગાવતા સભ્યોને એર મેઈલનું કાયમી લાઈફ મેમ્બર લવાજમ મોકલવા વિનંતી છે.

શ્રાવણ માસમાં.....

- શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

શ્રાવણ માસ એટલે એક ભક્તિ પ્રધાન માસ. ભક્ત તો જીવનમાં હર હંમેશ કરવી જોઈએ. પરંતુ શ્રાવણમાં તો કરવી જ જોઈએ. ભગવાન સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં શ્રાવણમાં અવશ્ય ભક્તિ કરવાનું કહ્યું છે.

एकस्मिन श्रावणे मासि सत्व शक्तैस्तुमानवैः ।

ભગવાન સ્વામિનારાયણે ચાતુર્માસમાં તો નિયમ ધારવાનું સર્વને કહ્યું પરંતુ જે અશક્ત હોય તેને પણ શ્રાવણમાં તો વિશેષ નિયમ લેવો જ એવી આજ્ઞા કરી, માટે દરેકે શ્રાવણમાં વિશેષ ભક્તિ કરવી જ જોઈએ. શ્રાવણ મહિનાની આબોહવામાં ભક્તિની બોલ બાલા હોય છે. વારે વારે તહેવાર એનું નામ શ્રાવણ. માણસ પોતાની ભાવનાનો માલિક છે. એની જેવી શ્રધ્ધા હોય છે તેવો તે હોય છે. ગોકુળ અષ્ટમીને દિવસે કૃષ્ણ ભક્તો કૃષ્ણમય બની રહે છે. જ્યારે કેટલાક લોકો એ દિવસને જુગાર અષ્ટમી બનાવી દે છે. તહેવારનો દિવસ એટલે ઘટમાળ ત્યજીને નવી રીતે જીવવાની પ્રેરણા પામવાનો દિવસ. બાકી તો તહેવાર એટલે રજા અને રજા એટલે આળસ પર્વ.

જ્યાં ખૂબ ભીડ હોય, અસહ્ય, ધોંધાટ હોય અને કર્મકાંડનો અતિરેક હોય ત્યાં માત્ર એક જ બાબત ગેરહાજર હોય છે. અને તે છે ધર્મ. ધર્મનો સંબંધ એકાંત શાંતિ અને વૈચારિક સભાનતા સાથે હોય છે. ઘણા લોકોને ધાર્મિક હોવા કરતા ધાર્મિક દેખાવમાં વધારે શ્રદ્ધા હોય છે. ગોકુળ અષ્ટમીને દિવસે ગીતાનો બારમો અધ્યાય વાંચનારા ભક્તો કેટલા ? વાંચવાનું ટળે એટલે વિચારવાનું ટળે અને વિચારવાનું ટળે એટલે જીવવાનું ખોરવાય. જીવવાનું ખોરવાય પછી અંધશ્રધ્ધાના કૂવાને માણસ મહાસાગર માનવા લાગે છે. ઘણા ખરા લોકો અંધશ્રદ્ધાની ભીડના કૂવામાં પડતું મેલીને વિચારવાનું ટાળતા રહે છે. તહેવાર વેડફાઈ જાય છે. અને વહેવાર ચાલતો રહે છે.

આપણા તહેવારો જીવનનો લય જળવાઈ રહે તે માટે સર્જાયા છે, લય તોડવા માટે નહીં, લય તૂટે પછી કોઈ ધર્મ બચતો નથી. જીવનનો લય તૂટે પછી જે બચે છે તે ધર્મ નથી હોતો. ધર્મની ચિતાભષ્મ હોય છે. ચિતાભષ્મ કપાળે લગાડનારો માણસ ધર્મને હૃદય સરસો ચાંપવાનું ચૂકી જાય છે.

માટે આ શ્રાવણ માસ એ ધર્મને કપાળસ્થ નહી પણ હૃદયસ્થ કરવાનો મહિનો છે. એ તો આકાશ અને ભીનાશ સાથે મૈત્રી કેળવવાનો મહિનો છે. એટલા માટે આ શ્રાવણ આદિક પવિત્ર માસના દિવસોમાં માણસે શાસ્ત્રનું ખૂબજ વાંચન અથવા શ્રવણ કરવું જોઈએ. તેમજ ભગવદ્ ભક્તિમય થવું જોઈએ. અને થોડાક અધ્ધર થઈને જીવવું જોઈએ.

અધ્ધર થઈને જીવવું એટલે શું ? એક સૂફી કહેવતમાં આ પ્રશ્નનો ઉત્તર મળે છે. કહે છે કે.....

"નૂર ઉસકા જહર ઉસકા, ફિર ન દેખે તો કસૂર કિસકા ?"

અધ્ધર થવું એટલે તાણ મુક્ત થવું. હળવા થવું. ભક્તિ ભીના થવું. ધ્યાનસ્થ થવું. અને છેવટે 'થવું' ની પકડમાંથી છૂટીને "હોવું" નો સ્વાદ ચાખવો તે.

તહેવાર વેડફી મારે તે માણસ જીવન વેડફી મારે છે. જીવનનો લય તૂટે તેજ ખરું મૃત્યુ છે. કાકા સાહેબ કાલેલકરે "જીવતા તહેવારો" ની વાત કરેલી. જીવતા તહેવારોની ઉજવણી મરેલા માણસો કરે ત્યારે ભીડ અને ધોંધાટની બોલબાલા વધી પડે છે. આકાશમાં અસંખ્ય તારાઓ છે. પરંતુ તારાઓની ભીડ નથી. પ્રત્યેક તારો એકલો છે. બે ભેગા જણાતા તારાઓ વચ્ચેનું અંતર પ્રકાશ વર્ષમાં મપાય તેટલું છે. સપ્તર્ષિના સાત તારા આપણને ભેગા લાગે છે. પરંતુ પ્રત્યેક ઋષિ પોતાની શૂન્યતાના મહાસાગરમાં રહીને પણ પોતાના અસ્તિત્વની માવજત કરે તે પણ ઋષિ જ ગણાય.

આવા સુંદર શ્રાવણ માસમાં કદાચ શાસ્ત્રમાં ઉંડા ન ઉતરીએ તો કાંઈ નહિ. પણ ભક્તિ અને તહેવારમય આ શ્રાવણ માસમાં બને તેટલી ભગવદ ભક્તિ શ્રીહરિના સર્વ આશ્રિતોએ કરવી. પોતે જે માટે આ મનુષ્ય દેહમાં આવ્યા છીએ તે મોક્ષરૂપી સાધન સિધ્ધ કરી લેવું જોઈએ.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે આશીર્વચન

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે, આજના દિવસે આપ સૌએ અમને કંઈક આપવાનો દિવસ છે. આપ સૌની પાસેથી અમારે આશીર્વાદની અપેક્ષા છે. બદલામાં અમારે પણ આપ સૌને કંઈક આપવું છે તે શું ? તો શ્રી નરનારાયણદેવ દરેક હરિભક્તોને ખૂબ સુખિયા કરે એવી પ્રાર્થના.

પ.પૂ .મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું કે, અમને આજે એમ હતું કે આજના પ્રસંગમાં માઈક ફક્ત યુવા સંત-હરિભક્તોએ જ સંભાળવાનું છે, પરંતુ અમારા હાથમાં પણ માઈક આવ્યું, એટલે એવું લાગે છે કે અમે હજુ યુવાન છીએ. શ્રી નરનારાયણદેવની ગાદી પર જેટલા પણ આચાર્ય આવે છે તે દરેકનું સિલેકશન શ્રીજી મહારાજ સ્વયં કરતા હોય છે. આ ગાદી પર જે સમયે જેવા આચાર્યની જરૂર હોય છે તે સમયે તેવા આચાર્ય મહારાજે મૂક્યા છે, જે આપણે અનુભવતા આવ્યા છીએ. આપણા આ સત્સંગનું ભાવિ ખૂબ ઉજ્જવળ છે.

ધર્મકુળ જ્યારે પોતાનું વતન છપૈયા છોડીને ગુજરાતમાં આવ્યું ત્યારે ગુજરાતના લોકોની બોલી, રહેણી કરણી, રીતરિવાજ બધુંજ અલગ પડે તેથી ધર્મકુળને ઘણી તકલીફ અનુભવાય. મુકુંદ બ્રહ્મચારી મહારાજની ખૂબ સેવા કરતા. પરંતુ ધર્મકુળ આવ્યું ત્યારથી ધર્મકુળની સેવામાં વધારે સમય આપવા લાગ્યા. તેથી મહારાજની સેવા થોડી ઓછી થવા લાગી. એવા સમયે કોઈકે મહારાજ આગળ આવીને ફરિયાદ કરી કે, મહારાજ ! આ મુકુંદ બ્રહ્મચારી પ્રથમ આપની ખૂબ સેવા કરતા હતા, પરંતુ જ્યારથી ધર્મકુળ આવ્યું છે ત્યારથી આપની સેવાનું ગૌણપણું કરીને ધર્મકુળની સેવાનું પ્રધાનપણું કરી દીધુ છે. અમને લાગે છે કે આ યોગ્ય ન કહેવાય. મહારાજ કહે, એવું છે ! બોલાવો બ્રહ્મચારીને ! પહેલી વ્યક્તિને મનમાં એમ થયું કે મહારાજ હમણાં બ્રહ્મચારીને જરુર ઠપકો આપશે. પરંતુ બન્યુ એવું કે મુકુંદ બ્રહ્મચારી આવ્યા એટલે મહારાજે તો રાજી થઈને તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યા. અને બોલ્યા કે અમારી સેવા કરવા માટે તો આખો સત્સંગ મસાજ છે. પરંતુ આ ધર્મકુળની સેવા કોણ કરે ? તમે તે સેવા કરો છો તેથી તમારા ઉપર અમે ખૂબ રાજી થયા છીએ. મહારાજે ધર્મકુળને ભોળુ કહ્યું છે જે ખૂબ સાર્થક છે અને તેથી જ સંત-હરિભક્તોને મહારાજે ધર્મકુળની સંભાવના કરવાની કહી છે.

આપ સૌ સત્સંગના દરેક કાર્યોમાં આચાર્યશ્રી સાથે ખભેખભા મિલાવીને રહ્યા છો તે વાતનું અમને ખૂબ ગૌરવ છે. મૂળીમાં ગુલાબ ગોર છે. જેઓ પ્રતિષ્ઠા વિધિમાં મહારાજને એક વાક્ય અચૂક કહે છે કે હે મહારાજ ! અમે તમારું ધ્યાન રાખીશું. તમારે અમારું ધ્યાન રાખવું. આ વાક્ય અમને બહુ ગમે છે. આજે એ જ વાક્ય આપ સૌને અમે કહીએ છીએ કે તમે સૌ જો અમારુ ધ્યાન રાખશો તો અમે પણ તમારા સૌનું ધ્યાન અચૂક રાખીશું. આ પરિપાટી હંમેશ ચાલતી રહે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીને વિરમુ છું.

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

પ્રભુ પાસે દંભ ન ચાલે

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

જનમંગલ સ્તોત્રમાં સ્વામિનારાયણ ભગવાનનું એક નામ છે. નિર્દંભાય નમઃ ભગવાનને દંભ ગમતો નથી. એ આ ચરિત્ર ઉપરથી આપણને સમજાશે.

ભૂજમાં જ્યારે મહારાજ પધારતા ત્યારે દરરોજ સુંદરજીભાઈના વિશાળ ચોગાનમાં સભા થતી. ભૂજના કેટલાય પંડિતો, વિદ્વાનો, મુમુક્ષુઓ, ભક્તો, ભાવિકો એ સભામાં આવતા.

એક દિવસે સભામાં થોડી ગડબડ થઈ ગઈ. સભા ભરાઈને બેઠી. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી સાથે મળી અને કીર્તન ગાવવા લાગ્યા. કીર્તન પુરૂ થયું. પછી શ્રીજી મહારાજ જ્યાં પોતાની અમૃતવાણી સભામાં ભક્તો આગળ ઉચારવાની તૈયારી કરે છે ત્યાં કોઈ બે જણ આવ્યા. ખરેખર એ બે જણ કોઈ પરમહંસ કે મહાત્મા ન હતા પણ વેશ લીધેલો. એ સભામાં આવ્યા. સ્વામિનારાયણ ભગવાને સત્કાર કર્યો. આવો ભાઈ, આવો બેસો. પરમહંસ જેવો દેખાતો આ કોઈ માણસ બેઠો. એમની જોડે એનો કોઈ અનુયાયી પણ બેઠો.

શ્રીજી મહારાજે પૂછ્યું. ક્યાંથી આવો છો ? ક્યાં સંપ્રદાયના છો ? આ તમારી દીક્ષા કઈ છે ? તો એનો જવાબ આપ્યા વગર તરત ચાલુ કર્યું. અમે સાંભળ્યું છે કે તમે બધા ભક્તોને સમાધિ કરાવો છો. પણ તમને ખબર નહી હોય હું સમાધિનિષ્ઠ છું. જુએ મને સમાધિ થાય છે. એમ કહી આંખો બંધ કરી બેસી ગયો. મારી સાચી સમાધિ છે એમ કહીને બેઠો અને પછી એના અનુયાયીએ શરૂ કર્યું. આ અમારા ગુરુદેવ અહીંથી ઉભા જ નહી થાય. પરં તત્વમાં એ પ્રવેશી ચૂક્યા છે. શ્રીજી મહારાજ તરત જ એક ભક્તને કહે છે બોલો, તમારામાંથી એક સમાધિ કરો. મહારાજ ! જેના ઉપર આપની કૃપાદૃષ્ટિ થાય એને સમાધિ થઈ જશે. લાધીબાઈ બહેનોની સભામાં બેઠેલા. એમને સમાધિ થઈ ગઈ. શ્રીજી મહારાજ કહે છે લાધીબાઈને સમાધિ થઈ ગઈ છે. જો ભાઈ ! આ તારા ગુરૂને સમાધિ થઈ ગઈ છે એ સાચી કે આ બહેનને થઈ એ સાચી ? તપાસ કર. શ્રીજી મહારાજ હીરજીભાઈને કહે છે. ઘરમાં ક્યાંય સળગતા કોલસા છે ? આપણે આ પરમહંસ સમાધિમાં બેઠા છે એમના હાથ ઉપર બે મુકો અને બે મુકો લાધીબાઈના હાથ ઉપર. એટલે બેયની પરીક્ષા.

જ્યાં સળગતા કોલસા આવ્યાને અને પરમહંસની આંખ ખુલી ગઈ. રહેને દો ઉધર. દૂર રાખો મારી પાસે ન લાવતા. કેમ ? સમાધિવાળાને શું ! શરીર સાથે એને કોઈ સંબંધ નથી હોતો. શરીરનું કનેકશન છૂટી જાય છે. શરીરને કોઈ બાળે કે ચૂંટલી ભરે એને કાંઈ થતું નથી. એનું નામ સમાધિ. જુઓ અમારા આ લાધીબાને. મહારાજે આજ્ઞા કરીને ભક્ત અચકાયા. મહારાજ કહે છે કાંઈ વાંધો નહિ. કાંડા ઉપર મૂકો. સળગતો કોલસો મૂક્યો. સડસડ થવા માંડ્યુ. ચામડી બળવા માંડી. જો પરમહંસ જો. જોઈ લ્યે. આનું નામ સમાધિ અને તારી સમાધિ તો કોલસા આવતાની સાથે ઉડી જ ગઈ. અને પછી શ્રીજી મહારાજ કહે છે, "હે પરમહંસ ! અમારે કોઈની સાથે દ્વેષ નથી. અમારે કોઈની સાથે ઈર્ષ્યા નથી. અમે તો ધર્મનો પ્રચાર કરીએ છીએ. ધર્મ સહિત ભક્તિનો પ્રચાર કરીએ છીએ અને સંસારમાં રહેલા મુમુક્ષુઓ, ભક્તો, ભાવિકો સુખી કેમ થાય એ અમારી ઈચ્છા છે. સુખમાં રહીને પ્રભુ ભજે એ અમારો ધ્યેય છે. માટે પરમહંસ તમે સમાધિનિષ્ઠ બનો એમાં અમને ખૂબ આનંદ થશે પણ આવો દંભ શા માટે કરો છો ? દંભથી કોઈ દિવસ ભક્તિ કરીએ તો ભગવાન એ ભક્તિ સ્વીકારતા નથી. દંભથી જે કાંઈ કરેલું વ્રત, તપ, જપ આ બધું નિષ્ફળ જાય છે. અને દંભ કોઈ દિવસે લાંબો સમય ટકતો નથી. જે સત્ય હોય એ ટકે છે. દંભ ટકે નહિ.

સવારના પહોરમાં ઝાકળ પડે છે. ઝાડ, પાંદડા, છાંપરા ભીનાં ભીના થઈ જાય છે. પણ એ ભેજ ટકતો નથી. સૂર્યનો ઉદય થાય અને ઉડી જાય છે. વરસાદ પડે તે તો સૂર્યને ઢાંકીને પણ બધું પલાળી દે છે. સત્ય છે એ શાશ્વત છે અને દંભ છે એ તો એક દુર્ગુણ છે. પરમહંસનો વેશ તમે લીધો છે હવે તો બોલો તમે સાચા પરમહંસ છો કે કપટી પરમહંસ છો ? તમારો વેશ પણ દંભ પૂરતો જ છે. જગતમાં છેતરપીંડી કરનારા માણસો ભોળા અને મુમુક્ષુ ધાર્મિક લાગણીવાળા માણસોને છેતરવા હોય ત્યારે તમારી જેમ દંભનો આશરો લે છે. ભગવા કપડાં પહેરી લે છે. શ્રીજી મહારાજ કહે છે અનાદિકાળથી રામાયણે દાખલો પૂરો પાડ્યો છે કે સીતાજી રાવણને એક સાધુના વેશમાં જોઈને ભોળવાયાં. સીતાજી ભોળવાય નહિ પણ આપણા માટે એક પ્રેરણા હતી કે દંભને ઓળખતાં શીખો. જેટલું પીળુ હોય એટલું બધું કાંઈ સોનું ન હોય. શ્રીજી મહારાજ પરમહંસને કહે છે તમે દંભનો ત્યાગ કરો અને તમારી શક્તિ પ્રમાણે ભજન કરો. દંભી બનેલા આ પરમહંસને એમ થયું કે સ્વામિનારાયણ ભગવાનની વાત સાચી છે. અમે જગજીવનના કહેવાથી સ્વામિનારાયણ ભગવાનની કસોટી કરવા આવો વેશ લીધેલો. પરંતુ અહિં તો જાહેર સભામાં દૂધનું દૂધ અને પાણીનું પાણી દેખાઈ રહ્યું. પછી પ્રભુની માફી માંગી અને ચાલ્યો ગયો.

મિત્રો ! દંભથી કદાચ દુનિયાને છેતરી શકાશે પણ ભગવાનને છેતરી શકાતા નથી. માટે હંમેશા દંભથી અને દંભીથી દૂર રહેવું. એટલે જ યાદ રાખવું ભગવાનને દંભ ગમતો નથી. તેથી જ શતાનંદ સ્વામીએ નિર્દંભાય નમઃ એવા નામથી વંદન કર્યા છે.

●

સ્વમહેનતમાં શાંતિ છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક ગામ હતું. ગામમાં કેટલાક ધનિક વેપારીઓ તથા કેટલાક ગરીબ ખેડૂતો રહેતા. ગરીબ ખેડૂતોનું જીવન તો જાણે ભગવાન ભરોંસે જ હતું. વરસાદ માફકસરનો વરસે તો જ વરસ સારૂ જાય નહિતર દુષ્કાળના ભોગ બનવું પડે. આવા જીવનમાં તો જાણે ઈશ્વરનો ન્યાય કોના તરફી ગણાય તે ખબર જ ન પડે. પણ એટલું તો ચોક્કસ કહેવાય કે ભગવાન વિશ્વભંર છે. જગતના સર્વે જીવોની ચિંતા ભગવાનને થતી હોય છે. તેમાં જો પોતાનો અનન્ય આશ્રિત હોય તો તેના પડખે ભગવાન અઢળક ઢળે છે એ કંઈ રીતે ઢળે તે ખબર જ ન પડે. ભલેને લાખો માણસો એ ભગવાનના ભક્તને છેતરે પણ ક્યાં પ્રકારે, કેવી રીતે ભગવાન સુખ આપી જાય તેની કોઈને ખબર જ ન પડે. સમજાય જ નહિ.

એક ભગત ખેડૂત હતા. એક તો ખેડૂતને પાછા ભગત. ભગત સાવ ભલા ભોળા, ખેતીમાં તેમની પાસે થોડી જમીન હતી તે ભજન કરતા જાય ને જાણે યજ્ઞમાં આહૂતિ આપવાની હોય તેમ ધરતી 'મા' ના ખોળામાં અનાજ વાવતા જાય. આ ભગત પાસે ધન સંપત્તિ માં કાંઈ નહિ. સાવ ગરીબને દુઃખી હતા. બસ થોડી જમીન હતી તેજ.

એક દિવસે ખેતરમાં જતાં ખેતરની પાસેના રસ્તા ઉપર તેણે એક વૃદ્ધ સ્ત્રીને બેભાન અવસ્થામાં પડેલી દીઠી. એ વાત જાણીતી છે કે, ગરીબ મનુષ્યો બીજાનાં દુઃખને જાણે છે. પૈસાદાર લોકો, પૈસાના મદમાં બીજાના દુઃખને જાણી શકતા નથી. ઉલટા ગરીબને દબાવી તેની મજબૂરીનો લાભ ઉઠાવે છે. આ ભગતે તે ડોશીને છાંયે આણી, પછી પોતાના કૂવામાંથી પાણી લાવી પાયું. તેમજ થોડો પવન પણ નાંખ્યો. એવામાં ડોશીની મૂર્છા ઉતરી. તેણે આંખો ઉઘાડી, ભગત સામે જોયું, "કંઠમાં તુલસીની માળા, લલાટે ચાંદલો, શાંત મુદ્રા વાળો ચહેરો," ડોશી બોલી "તમે મને જીવતદાન આપ્યું છે માટે ભગત તમે કંઈ માગો." ભગત કહે, "ભગવાનની દયાથી બે ટાઈમ રોટલા ખાઈએ છીએ અને ખેતીવાડી કરી ગુજરાન ચલાવીએ છીએ માટે મારે કાંઈ ન જોઈએ." ત્યારે ડોશીએ પોતાની પાસેથી એક વીંટી આપી અને કહ્યું આ જાદુઈ વીંટી છે. ભલે તમારે કાંઈ ન જોઈએ પણ મારે આપવું છે. આ વીંટી પાસે જે માગશો તે તમને આપશે. પણ ખ્યાલ રાખજો કે એક વખત જ આપશે, માટે ખરી

(અનુસંધાન ૨૧માં પાને)

ભક્તિ સુધા

મહારાજનો મહિમા ખૂટે તો તારું આ ધન ખૂટે !

– તારલાબેન અતુલભાઈ પોથીવાલા (મેમનગર–અમદાવાદ)

ભૂજમાં સૂરજબાઈ નામે એક બ્રાહ્મણ બાઈ રહેતી હતી. શ્રીજી મહારાજ પર એને અપાર શ્રધ્ધા, રાત દિવસ શ્રીહરિનું ભજન-સ્મરણ કરે.

સૂરજબાઈ રોજ કબૂતરોને જુવાર નાખે ને મનોમન પ્રાર્થના કરે, "ચણો, મોજથી ચણો ! મહારાજની જાર છે અને તમે મહારાજના કબૂતર છો."

સૂરજબાઈ એકવાર મહારાજનાં દર્શન કરવા ગઢડા ગયાં. મહારાજને જોતાં જ એમની આંખોમાંથી હર્ષના આસું વહેવા લાગ્યા ! દરરોજ મહારાજને થાળ જમાડે અને દોડી દોડીને મહારાજની સેવા કરે.

એકવાર એમને વિચાર આવ્યો કે ભૂજમાં તો હું રોજ કબૂતરોને જાર નાંખતી હતી, એ અહીં નથી બનતું ! મનમાં સંકલ્પ જાગ્યો પણ મનમાં તો મહારાજ બેઠા હતા. એમણે એ જાણી લીધું અને તરત ઉભા થઈને કબૂતરોને જાર નાખવા લાગ્યા.

બધાને નવાઈ લાગી કે આજ આમ કેમ ? મહારાજ જાતે જાર નાખવા કેમ ઊઠ્યા ?

મહારાજ કહે, "કેમ ઊઠ્યા તે પૂછો સૂરજબાઈને ! જારનો સંકલ્પ એમનો છે."

બધાં કહે, "ઓહોહો સૂરજબા તો બડાં ભાગ્યશાળી !"

મહારાજ કહે, "એ તો અમારી સાથે અક્ષરધામથી આવેલાં છે, કેટલાયનું એમના હાથે કલ્યાણ થશે !"

અને ખરેખર કેટલાયનું સૂરજબાઈના હાથે કલ્યાણ થયું.

એમાંના એક હતાં, કચ્છના રામપુર ગામનાં ધનબાઈ. લગ્ન પછી તરત જ આ ધનબાઈનાં પતિનું અવસાન થયું હતું. અને ધનબાઈએ મનને સંસારમાંથી વાળીને પ્રભુમાં જોડી દીધું હતું. તેમને સૂરજબાનો સત્સંગ થયો અને પછી તો શ્રીહરિની ભક્તિ રોમેરોમમાં ફૂટી નીકળી !

સૂરજબાની ખૂબ ઈચ્છા કે, કચ્છમાં મોટા મોટા યજ્ઞો કરવા, સમૈયા કરવા અને હજારો લાખો હરિભક્તોને જમાડવા. પણ પોતે બ્રાહ્મણ અને હરિભક્તો તો કહે કે "બ્રાહ્મણને અમે દઈએ, બ્રાહ્મણનું અમે લઈએ નહીં !" આથી સૂરજબા મૂંઝાય કે કરવું શું ?

એમણે એકવાર ધનબાઈને આ વાત કરી કહ્યું, "ધનબાઈ, આપણા કચ્છમાં તું ખૂબ યજ્ઞયાગ કર, સમૈયા કર, સંતો હરિભક્તોને જમાડ !"

ધનબાઈ કહે, "એમાં તો ખૂબ નાણું જોઈએ, એટલું ધન ક્યાં છે ?"

સૂરજબા હસીને બોલ્યા : "તારું તો નામ જ ધનબાઈ છે પછી તારે ધનની ચિંતા શું કામ કરવી પડે ? તું તો અખૂટ ધનની ધણીયાણી છે !"

આમ કહી સૂરજબાએ પોતાની પાસેથી પાંચ કોરી કાઢીને ધનબાઈને આપી. પાંચ કોરી એટલે માંડ દોઢ રૂપિયો થાય. આ પાંચ કોરી ધનબાઈના હાથમાં મૂકતાં સૂરજબાએ કહ્યું, "લે, આમાંથી યજ્ઞો કરજે, સમૈયા કરજે સંતો-હરિભક્તોને જમાડજે, મંદિરો બંધાવજે અને મહારાજના નામે જે કરવું હોય તે કરજે. **મહારાજનો મહિમા ખૂટે તો તારું આ ધન ખૂટે !**"

ધનબાઈએ ખોળો પાથરી પાંચ કોરી લીધી. ઘેર જઈ મહારાજનું નામ લઈ એ કોરી એક કોથળીમાં મૂકી. આ પછી સૂરજબાએ દેહનો ત્યાગ કર્યો.

અને મહારાજને આગળ કરી અને શ્રી નરનારાયણદેવ ગાદીના પરમપૂજ્ય અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદ આજ્ઞાથી ધનબાઈનો સેવાયજ્ઞ શરૂ થયો. એક પછી એક પારાયણો શરૂ થઈ. ભાગવતની પારાયણ, સત્સંગિભૂષણની પારાયણ, "હરિવાક્ય સુધાસિંધુની પારાયણ, ભક્તચિંતામણીની પારાયણ, શિક્ષાપત્રી ભાષ્ય, સત્સંગિજીવનની પારાયણ."

પારાયણોમાં, સમૈયાઓમાં, યજ્ઞોમાં, મંદિરોમાં, ચરણારવિંદોની પધરામણીમાં તથા નાના મોટા સર્વજનહિતનાં કાર્યોમાં બેશુમાર ધન વહેવા લાગ્યું. પંદર પંદર દિવસો સુધી ઉત્સવો ચાલ્યા કરે, હજારો-લાખો સંતો-હરિભક્તો રોજ જમે અને ભગવત્ નામની અખંડ ધૂન મચી રહે !

આટલું અઢળક ધન ધનબાઈ પાસે આવ્યું ક્યાંથી ? એ પેલી સૂરજબાની પાંચકોરી વાળી કોથળીમાંથી અને એમના આશીર્વાદ દ્વારા વળી, ધનબાઈએ સત્સંગીઓ માટે જ એ ધન વહેતું કર્યું. અને પોતાના માટે તો હતો-મહેનત મજૂરીનો રોટલો. તેઓ રોજ માત્ર એક વખત જ જમતાં અને તે ય શું જમતાં ? બાજરીની રાબ, રાબમાં મીઠાનો કણ પણ નહિ સાવ મોળી ! સ્વાદ માત્ર એમણે ત્યજેલો, માત્ર તપ ત્યાગ સેવા સમર્પણ અને અખંડ શ્રીહરિ કીર્તનની હેલી !

આમ ધનબાઈ એ સ્વામિનારાયણ સંપ્રદાયનાં વિરલ નારી છે. સૂરજબાએ ચીંધેલું સત્સંગ કાર્ય પૂરું થતાં તેમણે સ્વેચ્છાએ શરીરનો ત્યાગ કરેલો.

મહારાજનો મહિમા અખૂટ છે અને શ્રીજી પ્રસન્નાર્થે વહેતું ધન પણ અખૂટ જ રહે છે.

●

માનવનો મહાશત્રુ આળસ

- ચાં.યો. મોંઘીબા (સ્વા.મં.બહેનોનું ધોળી)

આળસ એટલે એદીપણું, આળસ એટલે સુસ્તી આળસ એટલે દીર્ઘસુત્રીપણું, આળસ એટલે પ્રમાદનો ભાઈ, આળસ એટલે મોક્ષમાર્ગનું મોટામાં મોટું વિઘ્ન આળસ એટલે કાર્યમાં ગાફલાઈ "આળસને અજ્ઞાન અતિશે કામ બગાડ્યું તારુજી"

આતસ્યં હિ મનુષ્યાણાં શરીરસ્થો મહાન રિપુઃ

આળસ એ માનવ શરીરમાં રહેલો મહાન શત્રુ છે. શત્રુ કોને કહેવાય ? જે આપણું ભલું થતું હોય તેમાં વિઘ્ન નાખે, બાધાઓ પાડે, હિત બગાડે તે આપણો શત્રુ કહેવાય. આવો એક શત્રુ આપણા શરીરમાં રહે છે. આપણું દીધેલું ખાય છે ને આપણું જ કામ બગાડે છે. એનું નામ છે આળસ પ્રમાદ. બન્ને સગા ભાઈ-બહેન જેવા છે. ઘણાં બંનેને એક સમજવાની ભૂલ કરે છે. બંનેમાં ઘણો મોટો ભેદ છે તે સમજીએ.

પ્રમાંદ કોને કહેવાય ? જે માણસ ખેતી, વાડી, ધંધો, ખાવું પીવું, હરવું, ફરવું મોજ કરવી, રાંધી ખાવું, બહારગામ જવું, વ્યવહાર કરવો વગેરે લૌકિક તમામ કાર્યો કરે તેમાં આળસ ન રાખે પરંતુ આખો દિવસ લોક પ્રવૃતિ કર્યા પછી સાંજે મંદિરે જવાનું આવે ત્યારે એમ બોલે કે આજ તો થાકી ગયા છીએ. કાલે જશું. એમ દેહ અને સંસાર માટે ૨૪ કલાક મળે પણ મોક્ષ માટે કરવામાં બેદરકારી બતાવે તેને પ્રમાદ કહેવાય.

જ્યારે આળસુ માણસ તો આ લોકનું પણ ઠેકાણું ન પાડે ને પરલોક માટે પણ કંઈ ન કરે. ધંધામાં ધ્યાન ન દે, રસોઈ બનાવે તો કાચી-પાકી ઠેકાણા વિનાની કરે. રાંધવાની આળસે એક ટાઈમનું રાંધેલું બે ટાઈમ ખાય. વાસણ માંજવાની આળસે કાગળમાં કે હાથમાં લઈને ખાઈ લે. બહેનોને રાંધવાની આળસ થાય એટલે રવિવારે બજારમાં ખાવાનો કાર્યક્રમ રાખે. આળસ અપવિત્ર વસ્તુ ખવરાવી આપણને ધર્મથી ભ્રષ્ટ કરે છે.

જેમ ઉંડા ઉતરશો તેમ આળસ મોટીને મોટી દેખાશે એના અનેક રૂપ છે. ધર્મમાં શિથિલતા આવે છે તે પણ આળસનો જ પ્રભાવ છે. આલોક-પરલોક બેય બગાડે તે જ આળસ. શ્રીજી મહારાજે વચનામૃત સારંગપુરના-૧૪ માં કહ્યું છે કે એક પ્રમાદ અને બીજો મોહ આ બેયનો ત્યાગ કરે એ સર્વ પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે. ભગવાનનો ભક્ત જો ખટકો રાખીને ટાળવાનો ઉપાય કરે તો એ બે શત્રુ નાશ પામી જાય છે. ભગવાનથી વિમુખને એ બે શત્રુ ન ટળે. ભગવાનનો ભક્ત હોય પણ જો ગાફલાઈ રાખશે તો એ બે શત્રુ નડ્યા વિના નહીં જ રહે.

આમ આળસ પ્રમાદને મહારાજે શત્રુ ગણાવ્યા છે. એવા આ બંને દોષ માટે ભાગવતમાં કહ્યું છે કે એ બંને ચોર છે. પ્રમાદ રાખે તો દુષ્ટ ઈન્દ્રિયો રુપી ઘોડાઓ અને બુદ્ધિરુપી સારથી સહિત રથી (જીવ) ને અવળે માર્ગે ચડાવી અંધકારથી વ્યાપ્ત અને મહાન મૃત્યુનો જેમાં ભય છે એવા સંસારરુપી કૂવામાં ફેંકી દે છે. એવા ખતરનાક આ બંને શત્રું છે.

બાઈબલમાં લખ્યું છે કે હે આળસું તું કીડી પાસે જા અને તેનો રસ્તો ધ્યાનમાં લે અને ડાહ્યો બન. અહીં કીડીને સતત ઉદ્યમ કરતી બતાવી છે. આળસ એ જીવતા મનુષ્યની કબર છે. કારણ કે જીવતો છતાં તે મડદાની જેમ નિષ્ક્રિય છે. સનત્સુજાત ઋષિએ કહ્યું છે કે :प्रमाद वै मृत्युमहं ब्रवीमि सद्राऽप्रमादममृतत्वं ब्रवोमि અર્થાત્ - હું તો કહું છું કે પ્રમાદ જ મૃત્યું છે ને અપ્રમાદ જ અમૃત છે.

શ્રીજી મહારાજ રાત્રે પોઢી જાય પછી ખરા ખપવાળા સંતો, પાર્ષદો ને ભક્તો જ્યાં સુધી મુખારવિંદ ખુલ્લું હોય ત્યાં સુધી દર્શન કરતાં બેસી રહેતા. મહારાજ પડખું ફરે તો એ બાજુ જઈને દર્શન કરતાં પછી મુખ ઢાંકી અને મહારાજ પોઢે ત્યારે જ પ્રેમી ભક્તો સૂવા માટે જતાં અને જે આળસુ હોય તેઓ પહેલેથીજ પથારી ભેગાં થઈ જતાં પછી સવારે મહારાજ જે ભક્તો રાત્રે જાગેલા એવા સંતો-ભક્તોને વારંવાર ભેટી રાજીપો બતાવતાં. આ જોઈને આળસુ ભક્તોને ખૂબજ પસ્તાવો થતો.

વશિષ્ઠ ઋષિ યજ્ઞ સમાધિના લાકડાં કુહાડો લઈને જાતે ફાડતાં. આવા મહાન કુલપતિને જાત મહેનત કરતાં જોઈ ને શિષ્યોએ અટકાવ્યાં કે ગુરુ મહારાજ અમે આપના સેંકડો શિષ્યો હાજર છીએ ત્યારે આપને આ મજૂરી કરવાની ન હોય. છતાં વશિષ્ઠ ઋષિ અટક્યાં નહિ. એટલે શિષ્યોએ પ્રશ્ન કર્યો ગુરુદેવ! આપ આ શું કરો છો ? જવાબ આપ્યો કે પહેલ પાડું છું. લાકડાને પહેલ પાડો છો ? જવાબ આપ્યો "ના", "ના" ? મારા જીવનને પહેલ પાડુ છું. ફરીથી શિષ્યોએ પૂછ્યું કે કાંઈ સમજાતું નથી. ગુરુ મહારાજ ફરી સમજાવતા સ્પષ્ટ કહો ? ત્યારે કુહાડો ચલાવતાં ચલાવતાં જ વશિષ્ટ ઋષિ બોલ્યાં કે તમે મારા શિષ્યો છો એટલે મારે આ કામ કરવાની જરૂર ન હોય, પરંતુ યજ્ઞ માટે લાકડાં ફાડીને હું મારી આળસને ભગાડી રહ્યો છું.

પોતાના ઘરનો બગીચો ખોદીને અનુભવતો કરજો તમે પ્રસન્નતાથી ભરાઈ જશો. કદાચ તમારે ઘેર બાગ ન હોય તો કોઈકના બાગમાં કોદાળી લઈને બે કલાક દરરોજ ખોદી જોજો ? પછી તમારું મન સરસ બનેલા બાગને જોઈને કેટલું ખુશમિજાજ બને છે તે અનુભવ કહેજો.

એક શેઠનો પુત્ર ઘણોજ આળસુ હતો. પિતા વારંવાર ટકોર કરે કે બેટા ! વહેલો ઉઠ વહેલો ઉઠ, કામ કર સૂઈ ન રહે. એવી ઘણીવાર શિખામણ આપવા છતાં ન સુધર્યો. એક દિવસ તાબડતોબ પોતાના સગા-સંબંધીઓને સમાચાર મોકલી ઘેર બોલાવ્યાં કે મારા દીકરાની સ્મશાન યાત્રા કાઢવાની છે, જલ્દીથી આવી જાવ. સંબંધીઓએ આવીને જોયું કે પુત્ર તો જીવતો છે. પથારીમાં શાંતિથી સૂતો છે. તો પછી અમને કેમ બોલાવ્યા ? શેઠે

સંબંધીઓને જે કહ્યું તે સાંભળીને આપણાં કાનનાં તમરા ઉડી જાય. કહ્યું કે "આળસમાં ઉંધતો ઈન્સાનને મરેલું સબ એ બે મારી દ્રષ્ટિમાં સરખાજ છે." પિતાનાં આ શબ્દો પુત્રનાં કાને જોરદાર અથડાયા અને એકદમ પુત્ર ઉભો થઈને સ્વકાર્યમાં મશગુલ બની ગયો.

આળસને જ્યાં સુધી ખંખેરી નહી શકીએ ત્યાં સુધી સફળતા આપણે કદાપિ હાંસલ નહી કરી શકીએ. શક્તિ હોવાં છતાં અશક્ત માણસની જેમ આપણે વ્યર્થ બની જશું.

એક માણસ બોરડી નીચે સૂતો હતો એમાં અચાનક એની છાતી ઉપર પાકું મજાનું બોર ખરીને પડ્યું તેને બોર ખાવાની ઈચ્છા થઈ. પરંતુ પોતાના હાથે ઉઠાવીને બોર ન ખાતાં કોઈક આવે તેની રાહ જોતો સૂઈ રહ્યો. આવા સમયે એક ઉંટ સવાર ત્યાંથી પસાર થયો. પેલા આળસુએ બૂમ પાડી કે એ ભાઈ અહીંયા આવ તો. એટલે ઉંટવાળો ભાઈ ઉભો રહ્યોને નજીક આવીને પૂછ્યું કે મને બોલાવ્યો ભાઈ ? તો પેલો આળસુ બોલ્યો કે મારી છાતી ઉપર બોર પડ્યું છે ને તે મારા મોઢામાં મુકતા જાવને, ઉંટવાળાએ કહ્યું કે તમારા હાથ ભાંગી ગયા છે. તો કહે ના ના હાથ તો બરાબર છે પણ હાથ હલાવવા કરતા તો તમે મુક્તા જાવને ? ઉંટ સવાર કહે તારા હાથ બરાબર છે તો જાતે જ ખાઈ લેને. મારે ઉંટને ઝુકાવવું પડે પછી નીચે ઉતરી તને મોમાં બોર દઉં એમાં મહેનત કેટલી બધી પડે ? આમ કહીને સવાર તો ચાલતો થયો એટલે પેલો આળસુ બબડ્યો કે માળો ! આળસુ બહું લાગે છે ? બોર ખવરાવતો જાતો તને શું ઝાંટકા વાગે છે ? પેલો જાતાં જાતાં બોલ્યો કે હું તો આળસુ જ હોઈશ પરંતુ તું તો આળસનો મોટામાં મોટો પીર છે ને !

જોયું ને ભક્તો ! આળસુ કેવા દુઃખી થાય. પોતાના ઉપર પડેલું બોર પણ ન ખાઈ શક્યો એટલે આળસ એ જીવતાં માણસની કબર છે એ કહેવત સત્ય જ છે.

પણ હવે એક છેલ્લી વાત મજાની કહું : એક શહેરમાં આળસુ માણસોની કલબ હતી. એમાં જે વ્યક્તિને સભ્ય બનાવવામાં આવતો તે આળસુ જ હોવો જોઈએ. એવો નિયમ, બધું કામ વિલંબથી ધીરે ધીરે જ કરવાનું, જે આળસ ન કરે, કામ ઝડપથી પતાવી દે તેને સભ્યમાંથી કાઢી મૂકે. આવા એક નહિ હજારો સભ્યો હતાં. એકવાર એવું બન્યું કે ઉપરી અધિકારીએ એક આળસુને ઓફિસમાં બોલાવી તતડાવી નાખ્યો અને કહ્યું કે અમારી કલબમાંથી આજથી તને છૂટો કરવામાં આવે છે. પેલાએ કહ્યું કે સાહેબ મારો કોઈ વાંક ગુનો ? ક્યાં કારણથી મને છુટો કરવામાં આવે છે એતો જણાવો ? અધિકારીએ કહ્યું કે બધું કામ ધીરેથી કરવાનાં નિયમનો ભંગ કરી તને ગઈ કાલે વધુ સ્પીડથી ગાડી ચલાવતાં મેં જોયો એટલે. આળસુ બોલ્યો સાહેબ ! એ તો એમ હતું ને કે ગઈ કાલે ગાડી ચલાવતા મારે જરા બ્રેક મારવીજ હતી ને ભૂલથી એકસીલેટર ઉપર પગ મુકાઈ ગયો, પછી ગાડીની સ્પીડ વધી ગઈ પણ મને થયું કે કોણ પગ ઉઠાવે ? હમણાં થોડી વાર પછી પગ ઉઠાવીશું એ વખતે આપે મને જોયો હશે. આ વાત સાંભળીને તરત જ પાછો સભ્ય તરીકે રાખી લીધો ને દરેક એદીઓનો ઉપરી બનાવી દીધો.

જોયું ને ભક્તો ! સામે ગાડી ભટકાઈ જશે તેની પણ ચિંતા ન કરી ને લીવરથી પગ ન ઉપાડ્યો એ કેટલો આળસુ હશે ? કદાચ આપણે આવા આળસુ તો નથી ને ? જન્મ-મરણનાં ચક્કરમાં ભટકાઈ જવાની પણ ચિંતા ન કરી. આળસને કારણે હરિભજન ન કરતા હોઈએ, આખો દિવસ ધંધો, ખેતી નોકરી કરી સાંજે જ્યાં મંદિર જવાનું થાય ત્યાં પગ ભાંગી પડે કે આજ તો થાક્યા છીએ. કાલે જઈશું. તો આપણી પણ આળસું માંજ ગણતરી થશે.

●

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી
"આજ્ઞાપાલન એ જ શ્રેષ્ઠ ઉપાય"
સંકલન : કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

આ સંસારમાં આપણા મનુષ્ય જન્મ દરમ્યાન જે સુખ દુઃખ આવે છે તેનું કારણ આપણું પ્રારબ્ધ છે. પ્રારબ્ધ કર્મ એટલે જે સંચિત કર્મો પાકીને ફળ આપવા તૈયાર થાય તેવા પ્રારબ્ધ કર્મોને ભોગવવાને અનુરૂપ શરીર જીવને પ્રાપ્ત થાય છે. તે પ્રારબ્ધ કર્મ અનુસારે આપણને આ મનુષ્ય-જન્મ મળેલો છે. તો આવા પ્રારબ્ધ કર્મના પણ ચાર પ્રકાર છે. તીવ્ર પ્રારબ્ધ કર્મ, મંદ પ્રારબ્ધ-કર્મ અને અતિ મંદ પ્રારબ્ધ-કર્મ. મંદ-પ્રારબ્ધ કર્મ અને અતિ મંદ પ્રારબ્ધ-કર્મ એવા છે કે જે કર્મફળના પરિણામે આપણા જીવનમાં સુખ-દુઃખ આવે છે ત્યારે હળવા હોય છે. અને સરળતાથી ભોગવાઈ જાય છે. પરંતુ જે તીવ્ર પ્રારબ્ધ-કર્મ અને અતિ તીવ્ર પ્રારબ્ધ-કર્મ છે તે કેવા છે. તો કર્મના સિદ્ધાંતની ભાષામાં તેને નિકાચિત કર્મી કહેવામાં આવે છે કે જેનું ફળ વ્યક્તિએ ભોગવવું જ પડે છે. જેમ કોઈ બાળક હોય અને તેના માતા-પિતા તે બાળકને સમજાવે છે કે અહીંથી કુદકો ન મરાય વાગી જાય. આમ વારંવાર સમજાવવા છતાં પણ એ બાળક જ્યારે તેની માતા-પિતાની આજ્ઞાને અવગણીને કુદકો મારે છે. અને પરિણામે તેના હાથ-પગ ભાંગી જાય છે. અને પછી માતા-પિતાને રડતા-રડતા ફરિયાદ કરે છે કે મારાથી સહન થતુ નથી ને આપ મારૂ દુઃખ લઈ લો તો તે શક્ય નથી. પરંતુ માતા-પિતા તેની દવા કરાવે છે. અને તેને પ્રેમથી સમજાવે છે. તો તેના આવી પડેલા દુઃખમાં રાહત થાય છે. પરંતુ તેને તે દુઃખ ભોગવવું તો પડે જ છે. તેવી રીતે આપણને મનુષ્ય-જનમમાં બધું જ જ્ઞાન હોવા છતાં તેમજ શ્રીજી મહારાજે આપણને શિક્ષાપત્રી આપી હોવા છતાં પણ આપણે ખોટા-કાર્યો કરીએ છીએ અને શ્રીજી મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છીએ અને પછી તેના ફળ-રૂપે આપણા જીવનમાં જ્યારે દુઃખ

આવે છે ત્યારે આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે આપ અમારૂ દુઃખ દૂર કરો. તો તે શક્ય નથી. તેનું ફળ આપણે ભોગવવું જ પડે છે. પરંતુ ભક્તિ કરવાથી આપણું દુઃખ થોડું સરળ બને છે. ભક્તિમાં આવી પડેલા દુઃખને નિયંત્રિત કરવાની શક્તિ છે. માટે દરરોજ જેટલો સમય મળે તે પ્રમાણે ભક્તિ અવશ્ય કરવી. પરંતુ બધા લોકો એમ ફરિયાદ કરે છે કે ભક્તિ કરવાનો સમય જ મળતો નથી. તો પ.પૂ. ગાદીવાળાશ્રી તેના અનુસંધાનમાં આપણને નારદજીનું દ્રષ્ટાંત જણાવે છે કે, નારદજીને એવું અભિમાન હોય છે કે મારા કરતા શ્રેષ્ઠ ભક્ત કોઈ નથી. તો ભગવાન નારદજીને કહે છે કે આ જગ્યાએ મારો એક શ્રેષ્ઠ ભક્ત રહે છે. તો નારદજી તેની તપાસ કરે છે. અને પછી ભગવાન પાસે આવીને કહે છે કે આપનો આ ભક્ત તો સવારે અને રાત્રે સૂતી વખતે એમ બે વખત જ તમારૂં નામ લે છે. અને આખો દિવસ ખેતી-કામ કરે છે. અને આનામાં કોઈ ધાર્મિક લક્ષણો પણ દેખાતા નથી. તો આપ તેને શ્રેષ્ઠ-ભક્ત કેમ કહો છો ? ત્યારે ભગવાન નારદજીને કહે છે કે તમે આ તેલથી ભરેલો પ્યાલો લઈને પ્રદક્ષિણા કરી આવો અને ધ્યાન રાખવાનું છે કે એક ટીપું તેલ પણ નીચે પડે નહિ. ત્યારે નારદજી જ્યારે પ્રદક્ષિણા કરીને આવે છે ત્યારે ભગવાન પૂછે છે કે તમે જ્યારે પ્રદક્ષિણા કરતા હતા તે દરમ્યાન કેટલીવાર મારૂ નામ લીધુ ? ત્યારે નારદજી જવાબ આપે છે કે મારૂ ધ્યાન તો પ્યાલામાંથી તેલનું ટીપું નીચે પડે નહિ તેમાં જ હતું. માટે મેં આપને યાદ કર્યા જ નથી. ત્યારે ભગવાન સમજાવે છે કે તમારે તો ફક્ત આટલું જ ધ્યાન રાખવું હતું તો પણ તમે મને ભૂલી ગયા અને પેલા ભક્તને શિરે તો કેટલી બધી જવાબદારી હોવા છતાં મને દરરોજ બે વખત યાદ કરે છે. માટે એ ભક્ત શ્રેષ્ઠ છે. તમે ભક્તિ કરો તેનો અર્થ એવો નથી કે તમારી બધી સાંસારિક અને વ્યવહારિક ફરજો છોડીને ભજન કરવા બેસી જાઓ. તે પણ તમારા માટે બરાબર નથી. જે પણ શક્ય હોય તેટલી ભક્તિ કરવાની છે. જેથી આપણા સંચિત કર્મો કે જે હવે પછી પ્રારબ્ધ-કર્મમાં પરિણમવાના બાકી છે તેને હળવા બનાવી શકાય. માટે ભક્તિ કરવી એ પણ જરૂરી છે.

ઉપરોક્ત આશીર્વચનમાં પ.પૂ. ગાદીવાળાશ્રી આપણને સમજાવે છે કે આપણે જો એવું ઈચ્છતા હોય કે આપણા જીવનમાં દુઃખો આવે જ નહિ તો 'શ્રીજી મહારાજે આપેલી શિક્ષાપત્રીના - નિયમોનું દ્રઢપણે પાલન કરવું એ જ આપણા માટે શ્રેષ્ઠ ઉપાય છે.' કર્મના મુખ્ય ત્રણ પ્રકાર છે. 'પ્રારબ્ધ', 'ક્રિયમાણ' અને 'સંચિત કર્મ'. પ્રારબ્ધ કર્મ એટલે જે કર્મ-ફળ આપવા સન્મુખ થાય તે પ્રારબ્ધ-કર્મ. ક્રિયમાણ-કર્મ એટલે માણસ સવારે જાગે ત્યારથી રાત્રે સૂઈ જાય ત્યાં સુધી જે જે કર્મ કરે અર્થાત્ પાંચ ઈન્દ્રિયથી અનુભવમાં આવે તેને ક્રિયમાણ-કર્મ કહેવાય. સંચિત કર્મ એટલે જે કર્મ ફળ આપવા સન્મુખ નથી થયું હવે પછી તે કેટલાય કાળ પછી ફળ આપશે તે સંચિત-કર્મ. માટે જો આપણે શિક્ષાપત્રીની આજ્ઞાનું પાલન કરીશું તો આપણા વર્તમાન એટલે કે ક્રિયામણ કર્મો દ્વારા આપણા જીવનમાં દુઃખ આવે તેવા નવા સંચિત-કર્મો ઉત્પન્ન નહિ થાય અને આપણે સાથે સમય કાઢીને ભક્તિ પણ કરીશું. તો આપણા જીવનમાં દુઃખ આવે તેવા ભોગવવાના બાકી જે સંચિત-કર્મો પડેલા છે તેને સહન કરવાની શક્તિ મળશે. આમ પ.પૂ. ગાદીવાળાશ્રી આજ્ઞા-પાલન પર ભાર મુકી આપણને સંસારમાં રહ્યા થકા ભક્તિ કરી કર્મ-બંધનમાંથી મુક્તિ પામી સરળતાથી અક્ષરધામ સુધી પહોંચવાનું સરળ માર્ગદર્શન આપે છે.

સત્સંગ બાલવાટિકા (પાના નં ૧૭નું ચાલુ)

દુઃખની વેળાએ માગજો. ભગત હર્ષભેર ઘરે આવતા હતા ત્યાં પોતાનો મિત્ર મળ્યો. પોતાના મિત્રને બધી વાત કરી. વીંટી બતાવી. ભકતનો મિત્ર સાચા સોનાનો પારખું હતો. એટલે સોનીનું મન ચળ્યું. વિચાર્યું વીંટી સાચા સોનાની અને પાછી ચમત્કારી છે. તેણે પોતાની સ્ત્રીને બતાવવાને બહાને તેની પાસેથી તે વીંટી લીધી અને તેના જ જેવી બીજી બનાવી તેને પાછી આપી. પેલા ખેડૂતને આ કપટની ખબર ન પડી. સોનીએ રાત્રે કોઈ ન જાણે તેમ વીંટી પાસે માંગ્યું કે "મારા ઘરમાં સુવર્ણ વરસો." એટલે સુવર્ણનો વરસાદ પડવા માંડ્યો. એટલું બધું સોનું પડ્યું કે સોની નીચે દબાઈને મરી ગયો. આ ભગત પોતાને ઘેર ગયા અને સ્ત્રીને બધી વાત કરીને કહ્યું કે, "હવે આપણને આ વીંટી મળવાથી હિંમત આવી છે. માટે આપણે ઉદ્યમ કરીને ખાઈશું. આગળ આપણી વૃદ્ધવસ્થા આવશે ત્યારે આ વીંટીનો ઉપયોગ કરીશું." તેઓ ઉદ્યમ કરતાં કરતાં પૈસાદાર થયા અને પોતાના સંતાનો માટે ઘણી મિલકત મૂકીને ગયો.

રાવણની આખી લંકા નગરી સોનાની હતી છતાં પણ તે સુખી ન થયો. સોનાની નગરી દ્વારીકા, જે શ્રીકૃષ્ણ ભગવાને સમુદ્રમાં ડુબાડી દીધી. જો સોનું જ (સંપત્તિ) સુખકારી હોત તો ભગવાને બધાને વહેંચી આપ્યું હોત, માટે મહેનતની કમાણીમાંથી જે મળે એજ સાચુ સોનું છે. અને એજ સુખી કરે છે. માટે જ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી કે "પોતાને અનુરૂપ એવો જે ઉદ્યમ તે જરૂર કરવો."

.....પ્રશ્નપેટી.....

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ "ગમે તેવો, ધીરજવાન પુરૂષ હોય અને સ્વરૂપવાન સ્ત્રી સભામાં આવે ત્યારે એની વૃતિ એના રૂપમાં તણાયા વિના રહે નહિ." ક્યા વચનામૃતમાં શ્રીજી મહારાજના શબ્દો છે.

પ્ર. : ૨ "દરવાજો ખુલતાજ, બિલાડી મોઢામાં ઉંદરને પકડીને જાય છે. ત્યાં તો અરે પાપી ! આવા ભયંકર પાપ કરે છે, તે ક્યારે છુટીશ ! મૂકી દે ઉંદરને, તરત બિલાડીએ ઉંદરને મૂકી દીધો. તરફડતા ઉંદર ઉપર સ્વામીએ પાણીનો છંટકાવ કર્યો. પવિત્ર છંટકાવથી પાપ બળી ગયા. પછી સ્વામીએ શું કહ્યું અને એ સ્વામી કોણ હતા ?"

પ્ર. : ૩ સત્સંગમાં અન્ન વસ્ત્રાદિ યથાયોગ્ય મળે છે છતાં મુંઝવણ રહે તેનું કારણ પંચવિષયમાં આસક્તિ છે. તે વિષયનાં બિંબા અનેક પ્રકારનાં છે. માટે પંચવિષયની આસક્તિ ટાળીને સંત થવું, વળી સંતના લક્ષણ સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ક્યા પદમાં વર્ણવ્યા છે. અને આ વાત કોણે કહી છે ?

પ્ર. : ૪ પંચ પાત્રના નામ જણાવો ?

પ્ર. : ૫ ભોજન ના પ્રકાર ચાર છે પણ ક્યા ક્યા ?

પ્ર. : ૬ "જે પુત્રને તાત નહી ભણાવે, બાળપણે લાડ ઘણા લડાવે....." પંક્તિ પૂર્ણ કરો ?

પ્ર. : ૭ "પાવૈગે દુઃખ પાવૈગે હરિ ભજન વિના દુઃખ પાવૈગે, દુર્લભ દેહ ભજન બીન તજીકે, માર જમકી ખાવૈંગે..... હરિ ભજન બીના.." આ જીવને ચેતવણી આપતા પદના રચયિતા કોણ ?

મે-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો

(૧) ગ.પ્ર.પ્ર. ૪૦. **(૨)** જીવ, ઈશ્વર અને માયા તેના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ - શિક્ષાપત્રી ૧૦૪. **(૩)** "હું શ્રીજી મહારાજના ચરણ દાબુ." **(૪)** અસુર - દુષ્કલ. **(૫)** (૧) સ્વાંગ (૨) ઉપાંગ (૩) સાલીલ્ય (૪) સપાર્ષદ. **(૬)** "હારે નહીં મેલું રે, માવા મારા નેણુંની આગેથી નહિ મેલુ રે, હરિ નવ જાવું રે, નવ જાવુ, માવા મારુ મંદિરયુ મેલીને નવ જાવું રે." **(૭)** સ.ગુ. પ્રેમાનંદ સ્વામી

શારદાબેન કાંતિભાઈ પટેલ - નાંદોલ
૨. કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ - નાંદોલ
૩. શિલ્પા મણીલાલ પટેલ - દહેગામ
૪. માણેકબેન મણીલાલ પટેલ - દહેગામ
૫. મેઘાબેન કમલેશકુમાર પટેલ - કુહા
૬. સાકરબેન નટવરભાઈ પટેલ - નાંદોલ
૭. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની - અમદાવાદ
૮. સાં.યો. શિલ્પાબા, શિતલબા - સ્વા.મં. સુરેન્દ્રનગર
૯. શારદાબેન મોહનલાલ સોની - નવાવાડજ
૧૦. ત્રિભોવનદાસ લક્ષ્મણભાઈ પટેલ - નવાવાડજ
૧૧. કંચનબેન બાબુભાઈ પટેલ - રતનપર
૧૨. સાં.યો. રંજનબા, રેખાબા - બાલાસિનોર
૧૩. પટેલ કોકિલાબેન નટવરભાઈ - મેમનગર
૧૪. વર્ષાબેન એ. સોની - મેમનગર
૧૫. ભાવનાબેન કમલેશકુમાર ખંધડીયા - મોરબી
૧૬. જ્યોતિ નલિનભાઈ આચાર્ય - મોરબી
૧૭. પટેલ ગોરધનભાઈ શંકરદાસ - સોજા
૧૮. ચંદ્રિકાબેન, જ્યોત્સનાાબેન - જીરાગઢ
૧૯. મનાણી પુષ્પાબેન - જીરાગઢ
૨૦. કાચા કોશીકા - જીરાગઢ
૨૧. હિતેશભાઈ ભૂડીયા - કેરા (હાલ લંડન)

નોંધ : જેતલપુરધામમાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શન હવે ઈન્ટરનેટ પર : **"www.jetalpurdarshan.com"**

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૨ કલાકની અખંડ ધૂન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી પ્રસાદીના દિવ્ય સભામંડપમાં મેઘરાજાને મનાવવા તથા દેશમાં સર્વત્ર શાંતિનું વાતાવરણ રહે તે માટે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ધૂન યોજવામાં આવી હતી. જેમાં ખાસ ખાખરીયાના સંત-હરિભક્તો ધૂનમાં જોડાયા હતા. ધૂનનો પ્રારંભ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો. રાત્રે ૮-૦૦ કલાકે પૂ. મહંત સ્વામીએ ધૂનની પૂર્ણાહુતિ કરાવી હતી. ધૂનમાં મોટી સંખ્યામાં સંત-હરિભક્તો જોડાયા હતા. આ પ્રસંગે કોઠારી પાર્ષદ દિગંબર ભગત અને જે.કે. સ્વામીએ સુંદર સરબત-પાણી આદિ વ્યવસ્થા કરી હતી. *(ભક્તિ સ્વામી)*

અમદાવાદ મંદિરમાં હિંડોળા દર્શન

સંપ્રદાયની પરંપરા મુજબ અષાઢ વદ બીજથી આપણા દરેક મંદિરોમાં ઠાકોરજીને અવનવા કલાત્મક ભવ્ય હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. આખો માસ છેક શ્રાવણ વદ-૨ સુધી હિંડોળાના દર્શન નિત્યે સાંજે થાય છે. આ વરસે અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી કોઠારી પાર્ષદ દિગંબર ભગત, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, નિલેશ ભગત, ભંડારી સૂર્યપ્રકાશ સ્વામી, કોઠાર સ્ટાફ આદિ સૌએ હિંડોળા પ્રસંગમાં સુંદર સેવા બજાવી હતી. સેવાભાવી હરિભક્તો તરફથી ફક્ત વિવિધ અલગ અલગ ફુલોના જ હિંડોળા કરવામાં આવ્યા હતા. શ્રી ઘનશ્યામ મહારાજ રંગ મહોલ અને અક્ષરભુવન અને હવેલીમાં વિવિધ પ્રકારના હિંડોળા કરવામાં આવ્યા હતા. શ્રી નરનારાયણદેવના પૂજારી, બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી અને તેમનું સંત મંડળ ઠાકોરજીને સાંજે હિંડોળામાં ઝુલાવીને સંત-હરિભક્તોને દર્શન કરાવતા હતા. *(યોગી સ્વામી)*

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલય (જેતલપુરવાડી) ગત પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ લાવનાર વિદ્યાર્થીઓ

ધો.૧૨ (ઉત્તર મધ્યમા) (૧) સ્વામી ગોપાળચરણદાસ દુરુ સ્વામી પ્રેમવતીનંદનદાજી ૭૬% (જુનાગઢ) (૨) સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ સ્વામી હરિકેશવદાસજી ૭૫.૫૪% (ધોલેરા) (૩) સ્વામી ગોપાલજીવનદાસ ગુરુ શા. પ્રાણજીવનદાસજી ૭૦.૬૨% (મૂળી)

ધો. ૧૦ (પ્રથમા-૩) (૧) ત્રિવેદી સાગર ૭૨.૪૩% (૨) પાર્ષદ નિલેશ ભગત ગુરુ મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી ૭૧.૫૭% (અમદાવાદ) (૩) સ્વામી વ્રજભૂષણદાસ ગુરુ મહંત સ્વામી શ્યામસુંદરદાસજી ૭૧.૪૩% (હરિદ્વાર)

(સંચાલક શા. સ્વામી હરિઉઁપ્રકાશદાસજી)

શ્રી વ્રજેન્દ્ર પુરસ્કાર યોજનામાં ધોરણ ૧૦ તથા ૧૨ ના પ્રથમ પાંચ તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી

ધોરણ ૧૦ (ભાઈઓ) (૧) પટેલ દીપ રાજેન્દ્રભાઈ ૯૪.૭૭ કુબડથલ (૨) શાહ સૌમીલ અક્ષયભાઈ ૯૩.૬૯ અમદાવાદ (૩) પટેલ ધ્રુમિત રમેશભાઈ ૯૨.૩૧ અમદાવાદ (૪) ટાંક જય પંકજભાઈ ૯૨.૦૦ અમદાવાદ (૫) પટેલ દિવ્યાંગ ભરતભાઈ ૯૧.૨૩ અમદાવાદ.

ધોરણ ૧૦ (બહેનો) (૧) મોદી રાજશ્રી કૌશિકકુમાર ૯૨.૯૨ અમદાવાદ (૨) ઠક્કર ક્રિશ્ના અશોકભાઈ ૯૧.૦૮ અમદાવાદ (૩) પટેલ વૃંદા રાજેન્દ્રકુમાર ૯૦.૯૨ અમદાવાદ (૪) જાદવ કૃતિ રાજેશભાઈ ૮૯.૬૯ અમદાવાદ (૫) પટેલ ફોરમ મહેશભાઈ ૮૯.૦૮ અમદાવાદ.

ધોરણ ૧૨ સાયન્સ (ભાઈઓ) (૧) દેસાઈ સંકેત ધીરજભાઈ ૯૪.૪૦ અમદાવાદ (૨) પટેલ પાર્થ મુકેશભાઈ ૮૯.૬૦ (૩) મહેતા આકાશ હસમુખરાય ૮૭.૨૦ અમદાવાદ (૪) મામતોરા દેવાંગ હરિશભાઈ ૮૪.૯૦ અમદાવાદ (૫) ભાવસાર ઘનશ્યામ રમેશભાઈ ૮૩.૮૦ અમદાવાદ.

ધોરણ ૧૨ સાયન્સ (બહેનો) (૧) થડોદા ચાંદની નારણભાઈ ૮૨.૪૦ લીલાપુરા (૨) પટેલ ગોપી અશોકભાઈ ૭૩.૮૦ અમદાવાદ.

ધોરણ ૧૨ સામાન્ય (ભાઈઓ) (૧) વિઠ્ઠલાણી વૈભવ નવનીતભાઈ ૯૪.૨૦ અમદાવાદ (૨) પટેલ નિલય કીર્તિભાઈ ૮૮.૧૪ અમદાવાદ (૩) સોનાગરા નરેન્દ્રકુમાર નાગજીભાઈ ૮૨.૮૬ ચરાડવા (૪) ખત્રી હાર્દિક રાજેન્દ્ર ૮૨.૭૧ વડોદરા (૫) સોની સ્નેહલ ભૂપેન્દ્રકુમાર ૮૨.૭૧ અમદાવાદ.

ધોરણ ૧૨ સામાન્ય (બહેનો) (૧) પટેલ ધર્મિષ્ઠાબેન ભગવાનદાસ ૮૭.૭૧ ખેરવા (૨) ભાવસાર હિમાદ્રી પંકજભાઈ ૮૮.૮૬ અમદાવાદ (૩) ચોકસી પૂજા જગદીશભાઈ ૮૪.૮૦ અમદાવદા (૪) ભાવસાર મૈત્રી પ્રકાશકુમાર ૮૪.૨૯ અમદાવાદ (૫) ઝીંઝુવાડીયા વૈભવી દિનેશકુમાર ૮૩.૨૯ અમદાવાદ.

ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈનામ આપી તેમનું યોગ્ય સન્માન કરીને ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવ્યા હતા. *(કોઠારી જે.કે. સ્વામી)*

વડનગર મંદિરમાં પાટોત્સવ

ઐતિહાસિક અને ધાર્મિક સુપ્રસિદ્ધ વડનગર શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન અલૌકિક મૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજનો ૪૮ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહરાજશ્રીની આજ્ઞાથી તેમજ મહંત સ.ગુ. સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી જેઠ વદ-૧૨ તા. ૨૦-૬-૦૯ ને શનિવારના રોજ પ.ભ. ભાવસાર રજનીકાંત ગીરધરલાલ તરફથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદોક્ત વિધિ અનુસાર શ્રી ઠાકોરજીનો મહાભિષેક, શણગાર આરતી, અન્નકૂટ આરતી કરવામાં આવી હતી. મહાભિષેક તેમજ અન્નકૂટનું આયોજન પૂજારી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ કર્યું હતું. ત્યારબાદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં યજમાન પરિવાર પ.ભ. શ્રી રજનીકાન્તભાઈ વિગેરેએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી અલૌકિક લાભ લીધો હતો. આ પ્રસંગે વડનગરના અગ્રણી પ.ભ. શ્રી સોમાભાઈ ડી. મોદીનું પૂ. આચાર્ય મહારાજશ્રીએ ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સભામાં મંદિરના ટ્રસ્ટી પ.ભ. શ્રી હરિભાઈ મોદી, પ.ભ. ભગાભાઈ ચોકસી, પ.ભ. નવીનભાઈ મોદી, પ.ભ. ભાલચંદ્રભાઈ ભાવસાર, પ.ભ. દિલીપભાઈ ભાવસાર, વિગેરેએ પૂ. આચાર્ય મહારાજશ્રીનું ફૂલહારથી

સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી (ધોળકા મહંત), સ.ગુ. શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી અને પ.ભ. શ્રી નવીનભાઈ મોદી (ટ્રસ્ટી) એ પ્રેરક પ્રવચન દ્વારા વડનગરનો ઈતિહાસ અને પાટોત્સવનો મહિમા સમજાવ્યો હતો. અંતમાં પૂ. આચાર્ય મહારાજશ્રીએ વડનગરના હરિભક્તોની ભાવના બિરદાવતા સેવા, સ્મરણ અને સત્સંગનો સિદ્ધાન્ત સમજાવી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે સંતો-હરિભક્તોને પ્રસાદ જમાડી પ્રસંગની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સભાનું સંચાલન શાસ્ત્રી નારાયણવલ્લભદાસજીએ દિપાવ્યું હતું. તેમજ રસોડાની વ્યવસ્થા શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજી તથા સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ સ.ગુ. શા.સ્વા. આનંદજીવનદાસજીએ સંભાળી હતી. *(શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી, વડનગર)*

અયોધ્યા મંદિરમાં પાટોત્સવ

ઉત્તરપ્રદેશ અંતર્ગત મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનની જન્મભૂમિ અયોધ્યાના રાયગંજ મહોલ્લામાં આવેલ આપણા સુપ્રસિદ્ધ શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન અતિ પ્રતાપી શ્રી રાધાકૃષ્ણદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૯૫ મો વાર્ષિક પાટોત્સવ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભાશીર્વાદાત્મક આજ્ઞા અને રાજીપાથી તેમજ અયોધ્યા મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી અષાઢ સુદ-૪ તા. ૨૬-૬-૦૯ ને શુક્રવારે અમદાવાદ નારણપુરાના પ.ભ. વસંતીબેન બાબુભાઈ પટેલ પરિવાર તથા પ.ભ. કંચનબેન દશરથભાઈ પટેલ પરિવાર તરફથી ધામધૂમથી ઉજવાયો હતો. પાટોત્સવ નિમિત્તે શ્રી ઠાકોરજીનું યજમાન પરિવાર દ્વારા પૂજન તેમજ મહંત સ્વામી તથા છપૈયા મંદિરના મહંત સ.ગુ. બ્ર.સ્વા. વાસુદેવાનંદજી દ્વારા શ્રી ઠાકોરજીનો મહાભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સ.ગુ. પૂજારી સ્વામી માધવપ્રિયદાસજીએ સુંદર શણગારેલ શ્રી ઠાકોરજીની શણગાર આરતી તેમજ અન્નકૂટ ધરાવી આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં છપૈયા મંદિરના મહંત સ.ગુ. બ્ર. સ્વા. વાસુદેવાનંદજી, સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, સ.ગુ.શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડાનગર), સ.ગુ. શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી તથા સ.ગુ. નાના પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંત) એ અયોધ્યા તીર્થભૂમિ છે. અને શ્રી ઘનશ્યામ મહારાજની લીલા ભૂમિ છે. આવા તીર્થક્ષેત્રમાં સેવા, સ્મરણ, સત્સંગ કરવાથી અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે, તેમ જણાવી અયોધ્યા મંદિરમાં નૂતન ઉતારાના બાંધકામમાં સેવા કરવાની ભક્તજનોને પ્રેરણા આપી હતી. છેલ્લે પાર્ષદ ભરત ભગતે આભાર વિધિ કરી હતી. પ્રસંગ પૂર્ણ થયા બાદ સૌ સંતો હરિભક્તોને પ્રસાદ જમાડી તૃપ્ત કરવામાં આવ્યા હતા. *(શા.સ્વા. નારાયણવલ્લભદાસજી*

ઈડર મંદિરનો ૧૬૩ મો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા ઈડર મંદિરના મહંત જગદીશપ્રસાદદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ૧૬૩ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાતઃ કાળમાં ૬-૩૦ વાગે અભિષેક વિધિ થઈ. વિશાળ સભામાં યજમાનશ્રી ભીખાભાઈ ગોકળભાઈ પટેલ પરિવારે પૂ.મહારાજશ્રીની આરતી, પૂજા કરીને આશીર્વાદ લીધા હતા. પરિવારજનો તથા સ્નેહીઓએ ફુલહાર કર્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, મૂળી, ટોરડા, પ્રાંતીજ, લાલોડા, હિંમતનગર, સોકલી વગેરે ધામોથી પધારેલા સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. સ્કીમ કમિટી સભ્ય ડૉ. કે.કે. પટેલ તથા શ્રી જે.ડી. પટેલ સાહેબે સુંદર ઉદ્બોધન કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રીએ ખાસ હળવી શૈલીમાં અનોખા આશીર્વાદ પાઠવ્યા હતા, તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની સેવાને બિરદાવી હતી. સભા સંચાલન શાસ્ત્રી હરિજીવનદાસજી (હિંમતનગર મહંતશ્રી)એ શોભાવ્યું હતું. સૌએ સત્સંગીઓએ દર્શન કરીને મહાપ્રસાદ લીધો હતો.

(કોઠારી સાધુ સત્યસંકલ્પદાસજી)

પ્રાંતિજ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ધર્મદેવ ભક્તિમાતા શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનો ૧૨૨ મો પાટોત્સવ મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ના વહદ્ હસ્તે તા. ૨૬-૫-૦૯ના રોજ વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો. મહંત માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ. હસમુખલાલ કચરાલાલ ભાવસાર પરિવાર યજમાન બનીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી કરીને આશીર્વાદ મેળવ્યા હતા. ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી યજમાનને ત્યાં ઉતારે પધાર્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. અને હજારો હરિભક્તોએ પણ દર્શનનો લાભ લીધો હતો.

(હરિભાઈ મોદી)

મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ

શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વા. આનંદપ્રસાદદાસજી તથા મહંત સ્વામી ભાનુપ્રસાદદાસજી તથા મહંત શા.સ્વા. ગુરુપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૨૦ મો પાટોત્સવ વૈશાખ સુદ-૧૦ ને તા. ૪-૫-૦૯ ના શુભ દિને ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી. ઠાકોરજીનો મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે ષોડશોપચાર પૂર્વક ધામધૂમથી સંપન્ન થયો. પ્રાસંગિક સભામાં પારાયણના યજમાનો અ.નિ. વિમળાબેન રમણભાઈ પટેલના સ્મરણાર્થે પ.ભ. જીતેન્દ્રભાઈ રમણભાઈ પટેલ (એડવોકેટ) પાટોત્સવના યજમાન અ.નિ. પ.ભ. ચંદુભાઈ ઓધવજીભાઈ સોની તથા પ.ભ. રંજનબેન ચંદુભાઈ સોની (લંડન) પરિવારે અલૌકિક લાભ લીધો હતો. આ શુભ પ્રસંગે જેતલપુરથી પૂ. પી.પી. સ્વામી આદિ અનેક સંતો અને અગ્રગણ્ય સન્યાસીઓ તેમજ રાજકિય ધાર્મિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પૂજારી

હરિપ્રસાદદાસ, યોગીચરણદાસ આદિ સંતોએ સારી સેવા બજાવી હતી. સભા સંચાલન કોઠારી યજ્ઞપ્રકાશદાસે કર્યું હતું.

(વ્રજેન્દ્ર નાગર મથુરા)

કર્મશક્તિ મંદિર દશાબ્દી મહોત્સવ તથા બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

અત્રે કર્મ શક્તિ વિસ્તારમાં બહેનોના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૭-૫-૦૯ થી તા. ૧૧-૫-૦૯ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સંગીતના સુમધુર સૂર સાથે થઈ હતી. આ ઉપરાંત મહાવિષ્ણુયાગ, મહાપૂજા, શોભાયાત્રા, અન્નકૂટ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને રક્તદાન શિબરનું આયોજન થયું હતું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા દિવ્યાતિ દિવ્ય અને અતિ ભવ્ય હતી.

તા. ૧૧-૫-૦૯ ના પ્રાતઃ ૯-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ત્યારબાદ કથા અને યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. છેલ્લે સંતોની પ્રેરક વાણી અને દાતાનું સન્માન અને સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને અલૌકિક દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું.

આ પ્રસંગમાં શ્રી અશ્વિનભાઈ દોંગા, શ્રી શૈલેષભાઈ પટેલ, શ્રી દેવજીભાઈ દોંગા અને શ્રી બળદેવભાઈ સુહાગીયાની સેવા મળી હતી. નારણઘાટ મંદિરના મહંતશ્રી નાના પી.પી. સ્વામીએ સભા સંચાલન કર્યું હતું.

(ગોરધનભાઈ સીતાપરા)

નૂતન નિર્માણાધિન હર્ષદ કોલોની બહેનોનું મંદિર - સમૂહ મહાપૂજા

સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીની શિષ્ય પરંપરામાં કાળુપુર મંદિરના અ.નિ. નારાયણદાસજી સ્વામીએ કરાવેલા સત્સંગ પોષણથી બાપુનગર પૂર્વ વિસ્તારના હર્ષદ કોલોનીમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની ધર્મધુરા સમયકાળમાં તેઓશ્રીના વરદ્ હસ્તે ભાઈઓ તથા બહેનોના અલગ મંદિરમાં શ્રીહરિની પ્રાણ પ્રતિષ્ઠા થયેલી. જેમાં ભાઈઓના મંદિરમાં અ.નિ. નારાયણદાસજી સ્વામીએ આપેલી શ્રીજી મહરાજની ઘણી પ્રસાદીની વસ્તુઓ પણ દર્શન આપે છે. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી આ વિસ્તારમાં બહેનોના સત્સંગની વિશેષ પ્રબળતાના કારણે સમયાંતરે બહેનોનું મંદિર નાનું પડવા લાગ્યું. તેથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. શા. શ્રી નિર્ગુણદાસજી સ્વામી અને પ.ભ. દાસભાઈની પ્રેરણાથી બહેનોના વધારે મોટા નૂતન મંદિર નિર્માણ માટે ભાઈઓના મંદિરની બાજુની જ જમીન પસંદગી થતાં ત્યાં થોડા સમય પહેલા જ પ.પૂ. મોટા મહારાજશ્રીએ ભૂમિ પૂજન કરીને આશીર્વાદ આપેલા.

જેથી ખૂબ ટૂંક સમયમાં નસીત બંધુઓએ આપેલા પ્લાન મુજબ હરિભક્તોના સાથ સહકારથી મંદિરનું ૫૦% કામ પૂર્ણતાના આરે પહોંચી ગયું. આ નૂતન મંદિરના લાભાર્થે પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.ભ. શ્રી દાસભાઈની પ્રેરણાથી તા. ૧૯-૭-૦૯ ના રોજ સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું. જેમાં ૪ મુખ્ય યજમાન સહિત બીજા ૧૮૦ સહ યજમાનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે અમદાવાદ (કાલુપુર) મંદિર, એપ્રોચ-બાપુનગર મંદિર તથા કર્મશક્તિ મંદિરેથી સંત-પાર્ષદો તથા હરિભક્તો પધાર્યા હતા. અંતમાં સૌ હરિભક્તો મહાપ્રસાદ લઈને પ્રસંગનું સંસ્મરણ કરતા સ્વસ્થાને ગયા હતા. મહાપૂજાની પૂર્ણાહુતિમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં પૂ. શા. નિર્ગુણદાસજી સ્વામી, નાના પી.પી. સ્વામી, શા.સ્વા. આનંદજીવનદાસજી, ધારાસભ્યશ્રી વલ્લભભાઈ કાકડીયા તથા ડૉ. કનુભાઈ એસ. પટેલના પ્રસંગોચિત ઉદ્બોધન બાદ પ.પૂ. મહારાજશ્રીએ બહેનોમાં રહેલી વિશેષ શક્તિને બિરદાવીને ભગવાનના બળથી ખૂબ ઝડપથી મંદિર પુરુ થાય તેવા શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ચતુર્થ પાટોત્સવ તા. ૧-૫-૦૯ ના શુભ દિને પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો. મહંત હરિવલ્લભ સ્વામીની પ્રેરણાથી અ.નિ. પ.ભ. સેંધાલાલ કરશનદાસના સુપુત્રો શ્રી નવિનભાઈ અને શ્રી અરવિંદભાઈએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી અલૌકિક આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સંતોની પ્રેરક વાણીમાં આપણા મંદિરના ટ્રસ્ટી પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ (મેડાવાળા) જેઓએ આવુ સુંદર ભવ્ય મંદિર બનાવીને શ્રી નરનારાયણદેવ ગાદીને અર્પણ કરી દીધું. તેમની સેવાને બિરદાવી હતી. હરિભક્તોએ અભિષેક, મહાપૂજા અને અન્નકૂટ દર્શન કરી પ્રસાદ લીધો હતો. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અત્રેના બહેનો પર ખૂબજ રાજી છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ બાળ મંડળનું ખૂબજ ધ્યાન રાખે છે. કોઠારી અમૃતભાઈની સેવા પ્રેરણારૂપ છે.

(પ્રવિણભાઈ ઉપાધ્યાય)

કોઠંબા

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૭-૫-૦૯ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બિરાજમાન થયા હતા. સંત હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારી પુષ્પહાર કરી આશીર્વાદ મેળવ્યા હતા. અ.નિ. પૂ. કરશનદાસજી સ્વામીના શિષ્ય સ્વામી માધવપ્રિયદાસજીએ પોતાના ગુરુ પરંપરામાં પ્રાપ્ત થયેલ પ્રસાદીની અલૌકિક વસ્તુઓ પ.પૂ. મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં અર્પણ કરી હતી. ગામના હરિભક્તોએ પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા નોંધાવી હતી.

(કા. અશ્વિનભાઈ)

ઓગણ ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા

વિરમગામ તાલુકાના ઓગણ ગામમાં ૧૪૦ વર્ષ પુરાણું આપણું મંદિર છે. જે જીર્ણ થતા જેતલપુરથી પૂ.પી.પી. સ્વામીની પ્રેરણાથી કોઠારી ભાવુસિંહભાઈ જાદવ અને વિનુભાઈ મીસ્ત્રીએ હરિભક્તોના સાથ સહકારથી મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો. અવાર-નવાર પી.પી. સ્વામીએ જેતલપુરથી સંત મંડળ સાથે પધારીને સર્વોપરિ નિશ્ચર્ય પાકો

કરાવ્યો.

તા. ૧૬-૫-૦૯ ના રોજ હરિભક્તોના પ્રેમને વશ થઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી, વ્રજવલ્લભદાસ સ્વામી, જે.કે. સ્વામી કોઠારી, રઘુવીર સ્વામી અને સુખનંદન સ્વામીએ પોતાની વાણીનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ગામના સૌ ભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ધન્ય બન્યા હતા. ભાતવાળા પ.ભ. ચિમનભાઈ પટેલ ખૂબજ પ્રેરણારૂપ બન્યા હતા. સમગ્ર આયોજન શ્રી ઘનશ્યામભાઈ ભાવુસિંહ જાદવે કર્યું હતું.

(શા. વ્રજવલ્લભદાસ)

ડાંગરવા વાંટો

